
આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ રિપોર્ટ જાહેર

**E-COPY**
**(NOVEMBER-2021)**
PART-2




# વર્તમાન પ્રવાહો

**: DATE :**
**21/11/2021 to 30/11/2021**

ડાંગ જિલ્લો ગુજરાતનો પ્રથમ પ્રાકૃતિક જીલ્લો બન્યો




વાયબ્રન્ટ ગુજરાત સમિટ નું આયોજન




વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે
અત્યંત ઉપયોગી સાપ્તાહિક **વર્તમાન પ્રવાહો**

- GPSC-I/II
- GPSC-III
- નાયબ મામલતદાર
- PSI/ASI Constable
- તલાટી
- Bank
- SBI
- IBPS
- SSC
- Railway

(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)

## મહત્વના મુદ્દાઓ

❖ **તાજેતરમાં કેન્દ્ર સરકારે એક વ્યાપક 60 સૂત્રી એક્શન પ્લાન તૈયાર કર્યો છે.**

→ આ એક્શન પ્લાન વિશિષ્ટ મંત્રાલયો અને વિભાગો પર કેન્દ્રીત છે, પરંતુ ગહન વિશ્લેષણથી માલૂમ પડે છે કે જેમાં સામાન્યતઃ ત્રણ શ્રેણીઓ–શાસન માટે IT અને ટેકનોલોજીનો લાભ લેવો, વ્યાવસાયિક વાતાવરણમાં સુધારો કરવો તથા સિવિલ સેવાઓમાં અપગ્રેડેશનનો સમાવેશ થાય છે.

→ ઈલેકટ્રોનિકસ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય માટે છાત્રવૃત્તિના વિતરણને સુવ્યવસ્થિત કરવાથી લઈને વંચિત વિદ્યાર્થીઓ માટે સ્વદેશી ટેબલેટ અને લેપટોપ વિકસાવવા માટે ડિજિટલ ડિવાઈડના અંતરાલને પૂરવા માટે કેટલીય કુશળ કાર્યવાહીઓનો સમાવેશ થાય છે.

→ 'માતૃભૂમિ' નામક કેન્દ્રીય ડેટાબેઝ હેઠળ વર્ષ 2023 સુધીમાં તમામ ભૂમિ રેકોર્ડ્સને ડિજિટાઈઝ કરવા તથા ઈ–કોર્ટ સિસ્ટમ સાથે એકીકરણના વિષય / અધિકાર સાથે સંબંધિત મુદ્દાઓ અંગે પારદર્શિતાને પ્રોત્સાહિત કરાશે.

→ ટેકનોલોજીના માધ્યમથી નાગરિકતાને જન્મ પ્રમાણપત્ર સાથે જોડી શકાય છે તથા તેને મુખ્ય પ્રવાહમાં લાવી શકાય છે.

❖ **નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યૂરો (NCRB) એ તાજેતરમાં 'એક્સિડેન્ટલ ડેથ્સ એન્ડ સુસાઈડ્સ ઈન ઈન્ડિયા, 2020' શીર્ષકથી તેનો અહેવાલ પ્રસિદ્ધ કર્યો હતો.**

→ આ અહેવાલમાં ચોંકાવનારુ તારણ બહાર આવ્યું છે કે, વર્ષ 2020માં ભારતમાં આત્મહત્યાના કિસ્સાઓમાં વર્ષ 2019ની તુલનામાં 10% નો વધારો થયો છે અને સંખ્યા 1,53,052 સુધી પહોંચી ગઈ છે.

→ અહેવાલમાં આત્મહત્યાઓને નવ શ્રેણીઓ – મજૂર, ગૃહિણીઓ અને કૃષિક્ષેત્રમાં કામ કરનારા લોકો, વ્યાવસાયિક/પગારદાર વ્યકિતઓ, વિદ્યાર્થીઓ, સ્વનિયોજિત વ્યકિતઓ તથા સેવાનિવૃત્ત વ્યકિતઓમાં સૂચિબદ્ધ કરાઈ છે. NCRB એ વર્ષ 2014માં જ આકસ્મિક મૃત્યુ અને આત્મહત્યાઓના તેના અહેવાલમાં દૈનિક પગારદારોને વર્ગીકૃત કરવાનું શરૂ કરી દીધું હતું.

→ અહેવાલ નોંધ્યુ છે કે વિદ્યાર્થીઓમાં આત્મહત્યાનું પ્રમાણ 21.20% જેટલું વધ્યું છે. વર્ષ 2014 અને વર્ષ 2020 દરમિયાન આત્મહત્યા કરનારાઓમાં રોજિંદા પગારદારોની હિસ્સેદારી બમણી થઈ ગઈ છે. વર્ષ 2020માં 37,666 દૈનિક કામદારોએ આત્મહત્યા કરી હતી. દૈનિક રોજમદારો પછી ગૃહિણીઓ, સ્વરોજગાર વ્યકિતઓ, ખેડૂતો અને નિવૃત્તોનો નંબર આવે છે.

→ વર્ષ 1982 બાદથી વર્ષ 2020માં આત્મહત્યાથી મૃત્યુની સંખ્યા સૌથી વધુ છે. 1981ના આંકડાઓની સરખામણીમાં તે 11.15% નો વધારો દર્શાવે છે. આત્મહત્યાનો દર પણ 2019ના 10.4% થી વધીને વર્ષ 2020માં 11.3% થઈ ગયો છે.

→ રાજ્યોમાં સૌથી ખરાબ સ્થિતિ મહારાષ્ટ્રની છે, જ્યાં કૃષિ ક્ષેત્રમાં 4,006 આત્મહત્યાઓ થઈ છે, જેમાં કૃષિ શ્રમિકો (ખેત મજૂરો)ની આત્મહત્યાઓમાં 15%ની વૃદ્ધિ સામેલ છે. ખરાબ રોકોર્ડવાળા અન્ય રાજ્યોમાં કર્ણાટક, આંધ્ર પ્રદેશ અને મધ્યપ્રદેશ સામેલ છે.

❖ **કેન્દ્રીય ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ મંત્રી ગિરિરાજસિંહે નવી દિલ્હીમાં ઈન્ડિયા હેબિટેટ સેન્ટરમાં ડિજિટલ ઈન્ડિયા લેન્ડ રેકોર્ડ મોડર્નાઈઝેશન પ્રોગ્રામ (DILRMP) અંગે એક રાષ્ટ્રીય વર્કશોપ 'ભૂમિ સંવાદ'નું ઉદ્ઘાટન કર્યું હતું.**

→ આ અવસરે ગિરિરાજસિંહે સંપૂર્ણ ભારતમાં 14 આંકડાનો યુનિક લેન્ડ પાર્સલ આઈડેન્ટિફિકેશન નમ્બર્સ (ULPIN) પણ લોન્ચ કર્યો હતો તથા નેશનલ જેનેરિક ડોકયુમેન્ટ રજિસ્ટ્રેશન સિસ્ટમ પોર્ટલ અને ડેશબોર્ડ (NGDRS) પણ લોન્ચ કર્યું હતું.

→ ભૂમિ સંવાદ DILRMP અંતર્ગત વિવિધ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા કરવામાં આવેલા સર્વોત્તમ અભ્યાસોનું વિશ્લેષણ કરનારો એક દિવસીય વર્કશોપ છે. ભારતના ડિજિટલ ભૂમિ રેકોર્ડ કાર્યક્રમ કવરેજનું અવલોકન નીચે મુજબ છે.

⇒ ભારતમાં કુલ 6,56,190 ગામો સામે 6,00,811 ગામોને જમીન રેકોર્ડ્સમાં ડિજિટલાઈઝેશન પ્રદાન કરવામાં આવ્યું હતું.

⇒ ભૂમિ સંસાધન વિભાગે માર્ચ 2023 સુધીમાં DILRMP પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

→ ULPINને જમીનના આધાર નંબર તરીકે ઓળખવામાં આવે છે, જે જમીનને તેમના જ્યોગ્રાફિક કોર્ડિનેટ્સના આધારે એક યુનિક આઈડેન્ટિફિકેશન (ID) નંબર પ્રદાન કરે છે. ભારતે માર્ચ 2023 સુધીમાં તમામ જમીન રેકોર્ડ્સમાં સંપૂર્ણ ડિજિટલીકરણનું લક્ષ્ય રાખ્યું છે.

→ NGDRS નેશનલ ઈન્ફર્મેટિક્સ સેન્ટર (NIC) દ્વારા વિકસિત સોફ્ટવેર છે, જે લેન્ડ રેકોર્ડ ડોકયુમેન્ટ વેરિફિકેશન પ્રોસેસને ડિજિટલ બનાવે છે. વર્તમાનમાં આ સિસ્ટમ 12 રાજ્યોમાં લાગુ કરવામાં આવી છે અને 3 રાજ્યોમાં પાઈલટ પ્રોજેકટ તરીકે લાગુ છે. NGDRC ઈન્ટેગ્રેટેડ લેન્ડ મેનેજમેન્ટ ઈન્ફર્મેશન સિસ્ટમ (ILMIS) પ્રોજેકટ અંતર્ગત અમીલી લેન્ડ રજિસ્ટ્રેશન માટે સિંગલ વિન્ડો પોર્ટલ છે.

❖ **ભારતની આઝાદીના 75 વર્ષની ઉજવણીના ભાગરૂપે કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) ડો.જિતેન્દ્રસિંહે 8 નવેમ્બર, 2021ના યુવા ઈનોવેટર્સ માટે પહેલીવાર DBT - સ્ટાર કોલેજ મેન્ટરશિપ પ્રોગ્રામ લોન્ચ કર્યો હતો.**

→ આ અવસરે વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલયે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર ભારતમાં વૈજ્ઞાનિક સંશોધન અને નવીનીકરણના પ્રયાસોને સુદૃઢ બનાવી જનસમૂહો વિશેષ કરીને યુવાનોમાં વૈજ્ઞાનિક સ્વભાવ કેળવવા સંખ્યાબંધ પગલાં લઈ રહી છે.

→ DBT - સ્ટાર કોલેજ મેન્ટરશિપ પ્રોગ્રામ (ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી–સ્ટાર કોલેજ મેન્ટરશિપ) વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય દ્વારા લોન્ચ કરાયો છે, જે નેટવર્કિંગ, હેન્ડ–હોલ્ડિંગ અને આઉટરીચના ખ્યાલને અપનાવવામાં મદદ કરશે. આ પ્રોગ્રામ અંતર્ગત, ગ્રામીણ વિસ્તારો અથવા ઓછા સુસજ્જ વિસ્તારોમાંની કોલેજો ખાતે અનેક કાર્યશાળાઓ, પ્રતિમાસ બેઠકો, હેન્ડ–હોલ્ડિંગ કાર્યક્રમો તથા સરકારી શાળાઓમાં આઉટરીચ પ્રવૃત્તિઓ યોજવામાં આવશે.

→ DBT - સ્ટાર કોલેજ મેન્ટરશિપ પ્રોગ્રામ નવી કોલેજોને સ્ટાર કોલેજ યોજનાના આદેશ અનુસાર આગળ વધવા માટે સક્ષમ બનાવશે. સ્ટાર સ્ટેટસ કોલેજ નવી કોલેજોને હેન્ડ–હોલ્ડિંગ અને પીયર લર્નિંગ તરીકે મેન્ટરશિપની પેશકશ કરી સમગ્ર ભારતમાં અંડર ગ્રેજ્યુએટ (UG) વિજ્ઞાન અભ્યાસક્રમોને મજબૂત કરવાની દિશામાં બાયોટેકનોલોજી વિભાગ (DBT)ના દૃષ્ટિકોણને લાગુ કવામાં સહાય કરશે. આનાથી આ નવી કોલેજોને સ્ટાર કોલેજ યોજના તળે લાવવામાં પણ મદદ મળશે.

❖ **કેન્દ્રીય ઊર્જા મંત્રાલય દ્વારા જાહેર 'સ્ટેટ એનર્જી એફિસિયન્સી ઈન્ડેક્સ' (SEEI) 2020 અનુસાર, ઊર્જા દક્ષતાના કિસ્સામાં કર્ણાટક ટોચના સ્થાને છે. ત્યારબાદ રાજસ્થાન અને હરિયાણા ક્રમશઃ બીજા અને ત્રીજા સ્થાને છે.**

→ SEEI, 2020નો વિકાસ બ્યૂરો ઓફ એનર્જી એફિસિયન્સી (BEE) અને એલાયન્સ ફોર એન એનર્જી એફિસિયન્ટ ઈકોનોમી (AEEE) દ્વારા કરવામાં આવ્યો છે.

→ SEEI, 2020 અંતર્ગત દરેક રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશને અંકોના આધારે ફ્રન્ટ રનર, અચીવર, કન્ટેન્ડર અને એસ્પિરન્ટ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. આસામ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, મહારાષ્ટ્ર, પંજાબ, રાજસ્થાન અને તમિલનાડુ જેવા 7 રાજ્યોએ તેના સ્કોરમાં 10થી વધુ પોઈન્ટ્સનો સુધારો કર્યો છે. SEEI, 2020માં સૌથી વધુ સારું પ્રદર્શન રાજસ્થાન અને મહારાષ્ટ્રનું છે. SEEI, 2020માં ગુજરાત 34ના સ્કોર સાથે કન્ટેન્ડર શ્રેણીમાં છે.

→ SEEI, 2020 એપ્રિલ 2019 થી માર્ચ 2020 સુધીમાં 6 ક્ષેત્રોમાં 68 સંકેતકોનો ઉપયોગ કરીને ઊર્જા દક્ષતા (EE)માં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રદર્શનનું આકલન કરે છે.

❖ **તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 15 નવેમ્બર, 2021ના રોજ મધ્ય પ્રદેશના ભોપાલમાં પુનઃ વિકસિત ભારતના સૌપ્રથમ વિશ્વસ્તરીય રાણી કમલાપતિ રેલવે સ્ટેશનને દેશને સમર્પિત કર્યું હતું.**

→ હબીબગંજ રેલવે સ્ટેશનનો કાયાકલ્પ કરીને તેને ગોંડ રાજ્યના પરાક્રમી અને નિર્ભીક મહારાણી કમલાપતિનું નામ આપ્યું છે. આ રેલવે સ્ટેશન એરપોર્ટ જેવી અત્યાધુનિક સવલતો ધરાવતું ભારતનું પ્રથમ વિશ્વકક્ષાનું રેલવે સ્ટેશન છે. તેમાં દિવ્યાંગોની જરૂરિયાતોને ખાસ ધ્યાનમાં લેવામાં આવી છે.

→ 'રાણી કમલાપતિ રેલવે સ્ટેશન' સૌર LED લાઈટિંગ સાથેનું ગ્રીન બિલ્ડિંગ રેલવે સ્ટેશન છે. તેનું નિર્માણ PPP અંતર્ગત બંસલ ગ્રૂપ નામની ખાનગી કંપનીએ કર્યું છે. રાણી કમલાપતિ રેલવે સ્ટેશન આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઉપલબ્ધ હોય તેવી બધી જ અતિઆધુનિક સુખ સુવિધાઓથી સુસજ્જ છે, જે પ્રવાસીઓને બેજોડ સવલતો પ્રદાન કરશે. તેની આધુનિક સુવિધાઓ વિકલાંગ વ્યક્તિઓ માટે ગતિશીલતામાં આસાનીને ધ્યાનમાં રાખે છે.

❖ **તાજેતરમાં ભારત–જર્મન સહયોગ અંતર્ગત NITI આયોગે SDG (સતત વિકાસ લક્ષ્ય) શહેરી સૂચકાંક અને ડેશબોર્ડ 2021-22 જાહેર કર્યું છે.**

→ અગાઉ, જૂન 2021માં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDG) ઈન્ડિયા ઈન્ડેક્સ અને ડેશબોર્ડ 2020-21ની ત્રીજી આવૃત્તિ જાહેર કરી હતી. SDG માળખાના 46 લક્ષ્યોમાં 77 SDG સંકેતકો પર 56 શહેરી ક્ષેત્રોને રેન્ક પ્રદાન કરવામાં આવ્યા છે.

→ શહેરી ક્ષેત્રોને 0-100ના આધારે રેન્ક પ્રદાન કરવામાં આવ્યા છે. 100 સ્કોરનો અર્થ છે કે, શહેરી ક્ષેત્રે વર્ષ 2030 માટેના નિર્ધારિત લક્ષ્યો પ્રાપ્ત કરી લીધા છે, 0 નો સ્કોર દર્શાવે છે કે આ શહેરી ક્ષેત્રો લક્ષ્યો પ્રાપ્ત કરવાથી ઘણા દૂર છે. શહેરી ક્ષેત્રોને તેના સમગ્ર સ્કોરના આધારે નીચેની શ્રેણીઓમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

– આકાંક્ષી : 0 – 49 – પરફોર્મર : 50 – 64
– ફ્રન્ટ રનર : 65 – 99 – અચીવર : 100

→ રાજ્યોનું પ્રદર્શન :

(1) શિમલા – હિમાચલ પ્રદેશ – 75.50
(2) કોયમ્બતુર – તમિલનાડુ – 73.29
(3) ચંડીગઢ – ચંડીગઢ – 72.36

→ સૌથી ખરાબ પ્રદર્શનકર્તા :

(1) ધનબાદ – ઝારખંડ – 52.43
(2) મેરઠ – ઉત્તર પ્રદેશ – 54.64
(3) ઈટાનગર – અરુણાચલ પ્રદેશ – 55.29

→ સૂચકાંક અનુસાર, SDG 2 અંતર્ગત, મૂલ્યાંકન કરવામાં આવેલા 56 શહેરી ક્ષેત્રોમાંથી 55માં 15-49 વર્ષની વય વર્ગની મહિલાઓમાં 25 ટકા એનિમિયા છે. 96.4% શહેરી ક્ષેત્રોમાં મૂલ્યાંકિત શહેરોમાં માધ્યમિક સ્તરે વિદ્યાર્થી–શિક્ષક પ્રમાણ 30થી ઓછું છે. 56 માંથી 21 ક્ષેત્ર તેના મ્યુનિસિપલ સોલિડ વેસ્ટની 100% ટ્રીટમેન્ટ કરે છે. 56 માંથી 19 ક્ષેત્રોમાં જન્મ સમયે જાતિ પ્રમાણ 950 અથવા તેનાથી વધુ છે. 56 શહેરી ક્ષેત્રોમાંથી 83.92% માં કૌશલ્ય વિકાસ કેન્દ્રો છે. લોન્ચ ઈવેન્ટ દરમિયાન ભારત અને જર્મની વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપવા માટે NITI આયોગ અને BMZ વચ્ચે સ્ટેટમેન્ટ ઓફ ઈવેન્ટ (SoI) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

→ વિવિધ SDG શ્રેણીઓમાં ટોપર્સ :

(1) શૂન્ય ગરીબી – કોયમ્બતુર, તમિલનાડુ – 87
(2) શૂન્ય ભૂખમરો – કોચી, કેરળ – 80
(3) ઉદ્યોગ, નવીનીકરણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર – સુરત, ગુજરાત – 78

❖ **અઝીમ પ્રેમજી યુનિવર્સિટી દ્વારા ભારતના 17 પ્રાદેશિક NGOs ના સહયોગથી શહેરી ભારતમાં સ્વાસ્થ્યસંભાળ સમાનતા (Heath Care Equity in Urban India) રિપોર્ટ જાહેર કરાયો છે.**

→ આ અહેવાલ ભારતના શહેરોમાં આરોગ્યની નબળાઈઓ અને અસમાનતાઓની માહિતી રજૂ કરે છે. રિપોર્ટ આરોગ્યસંભાળ સુવિધાઓની ઉપલબ્ધતા, સુલભતા અને ખર્ચ તેમજ આગામી દાયકામાં ભાવિ સુરક્ષા સેવાઓ માટેની શકયતાઓ રજૂ કરે છે. અહેવાલ અનુસાર, શહેરી વિસ્તારોમાં સૌથી ધનિક લોકોની તુલનામાં સૌથી ગરીબ લોકોમાં સ્ત્રી–પુરુષ સરેરાશ અપેક્ષિત આયુષ્ય અનુક્રમે 6.2 વર્ષ અને 9.1 વર્ષ ઓછું છે. ભારતના 33% આસપાસ લોકો હવે શહેરી વિસ્તારોમાં રહે છે. આ રીતે 1960માં 18% થી 2001માં 28.53% અને 2019માં 34% સુધી શહેરી વસતી પહોંચી છે. શહેરી ક્ષેત્રમાં રહેતાં લગભગ 30% લોકો ગરીબ છે.

→ આ રિપોર્ટ મુંબઈ, બેંગલોર, લખનઉ, સુરત, રાંચી, ગુવાહાટી અને દિલ્હી જેવા શહેરોના નાગરિક સમાજ સંગઠનો સાથે વિસ્તૃત ચર્ચા કર્યા બાદ તૈયાર કરાયો છે.



Banking Academy

❖ **તાજેતરમાં ચેન્નાઈ–મૈસુર–ચેન્નાઈ શતાબ્દી એક્સપ્રેસ ટ્રેનને IMS (ઈન્ટેગ્રેટેડ મેનેજમેન્ટ સિસ્ટમ્સ) પ્રમાણપત્ર અપાયું છે.**

→ આ સાથે આ ટ્રેન દક્ષિણ રેલવેની પહેલી એકીકૃત પ્રબંધન પ્રણાલી (IMS) પ્રમાણિત ટ્રેન બની ગઈ છે. આ પ્રમાણપત્ર પ્રાપ્ત કરનારી તે પહેલી શતાબ્દી ટ્રેનની સાથે સાથે ભારતીય રેલવેની બીજી મેલ અથવા એક્સપ્રેસ ટ્રેન પણ બની ગઈ છે.

→ IMS પ્રમાણપત્ર પર્યાવરણ અનુકૂળ સંસાધનોના બેહતર ઉપયોગ અને જાળવણી બદલ પ્રદાન કરાય છે. પ્રમાણપત્ર આરામદાયક પ્રવાસ પણ ઓફર કરશે. એકીકૃત પ્રબંધન પ્રાણલી (IMS) પ્રમાણપત્ર એક સમગ્ર દષ્ટિકોણ છે, જે વિવિધ વ્યવસ્થાપન પ્રણાલી માપદંડોની જરૂરિયાતોને પૂરી કરવા માટે સંગઠનના પ્રદર્શનના કેટલાય પાસાંઓને જોડે છે. આ માપદંડોમાં ગુણવત્તા પ્રબંધન માટે ISO 9001, પર્યાવરણ પ્રબંધન માટે ISO 14001, વ્યાવસાયિક સ્વાસ્થ્ય અને સુરક્ષા માટે ISO 45001, માહિતી સુરક્ષા કાજે ISO 27001 અને ઊર્જા વ્યવસ્થાપન માટે ISO 50001નો સમાવેશ થાય છે.

❖ **નીતિ આયોગે તાજેતરમાં શિક્ષણ ક્ષેત્રમાં ટોચના 5 આકાંક્ષી જિલ્લાઓ જાહેર કર્યા છે.**

→ નીતિ આયોગે સપ્ટેમ્બર માસ માટે શિક્ષણ ક્ષેત્રમાં સર્વાધિક સુધારો દર્શાવનારા જિલ્લાઓને રેન્ક આપ્યો છે. શિક્ષણ ક્ષેત્રમાં નીતિ આયોગના ડેલ્ટા રેન્કિંગ્સ મુજબ, તેલંગાણામાં ભૂપાલપલ્લીએ મોખરાનો રેન્ક મેળવ્યો છે. ભૂપાલપલ્લી પછીના સ્થાને ઝારખંડના ચત્રા અને સાહિબગંજ, ઓડિશાના નુઆપાડા અને રાજસ્થાનના જૈસલમેરનું સ્થાન છે.

→ ડેલ્ટા રેન્કિંગ નીતિ આયોગ દ્વારા જારી કરવામાં આવે છે. તે સ્વાસ્થ્ય અને પોષણ, શિક્ષણ, નાણાકીય સમાવેશન, કૃષિ અને સંસાધનો, કૌશલ્ય વિકાસ અને મૂળભૂત આંતરમાળખા જેવા વિકાસના ક્ષેત્રોમાં ભારતના આકાંક્ષી જિલ્લાઓમાં સધાયેલી પ્રગતિ દર્શાવે છે.

→ આ રેન્કિંગ સ્વાસ્થ્ય અને પોષણ, કૃષિ અને નાણાકીય સમાવેશન તથા જળ સંસાધન જેવા વિકાસાત્મક સૂચકાંકોમાં વૃદ્ધિશીલ પ્રગતિનો એક માપદંડ છે.

❖ **ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (IRCTC) અને ભારતીય રેલવેએ મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશન ખાતે ભારતની પ્રથમ અત્યાધુનિક પોડ હોટલ (પોડ કન્સેપ્ટ રિટાયરિંગ રૂમ) વિકસિત કરી છે જેનું નામ 'અર્બન પોડ' છે.**

→ આ સુવિધાનું ઉદ્‌ઘાટન રેલવે, કોલસા અને ખાણ રાજ્ય મંત્રી રાવસાહેબ દાદારાવ પાટીલ દાનવેએ કર્યું હતું.

❖ **પ્રોજેક્ટ વર્તક (Project Vartak) અંતર્ગત બોર્ડર રોડ્સ ઓર્ગેનાઈઝેશન (BRO) દ્વારા બાલીપાડા–ચારદુઆરમ–તવાંગ (BCT) માર્ગ પર વિશ્વની સૌથી લાંબી દ્વિ–લેન સડક સુરંગ (ટનલ) 'સેલા ટનલ'નું નિર્માણ કરાઈ રહ્યું છે.**

→ સેલા ટનલ ભારત–ચીન સરહદ નજીક 13,800 ફૂટની ઊંચાઈએ નિર્માણાધીન છે. તે 317 કિ.મી. લાંબા BCT માર્ગ પર બની રહી છે. BCT રોડ અરુણાચલ પ્રદેશના ઈસ્ટ કામેંગ, વેસ્ટ કામેંગ અને તવાંગ જિલ્લાઓને શેષ ભારત સાથે જોડે છે. આસામમાં ગુવાહાટી અને અરુણાચલ પ્રદેશમાં તવાંગને તમામ ઋતુઓમાં કનેક્ટિવિટી પૂરી પાડવા સેલા સુરંગનું નિર્માણ કરાઈ રહ્યું છે. વધુમાં ટનલ લાઈન ઓફ એક્ચ્યુઅલ કન્ટ્રોલ (LAC) પરના વિવિધ સ્થળોએ સૈન્ય દળો અને શસ્ત્ર સરંજામની બહેતર હેરફેર પણ સુનિશ્ચિત કરશે.

❖ **'પ્રધાનમંત્રી આવાસ યોજના–ગ્રામીણ' (PMAY-G) ના શુભારંભના ઉપલક્ષ્યમાં 20 નવેમ્બરને વાર્ષિક ધોરણે 'આવાસ દિવસ' તરીકે મનાવવામાં આવી હતી.**

→ PMAY-G નો ઉદ્દેશ વર્ષ 2022 સુધીમાં બધાને આવાસ આપવાનો છે. ઈન્દિરા આવાસ યોજના (IAY)નું નામ બદલીને PMAY-G કરાયું છે. IAY ગ્રામીણ આવાસ કાર્યક્રમ તરીકે ઈ.સ. 1996માં સ્વતંત્ર યોજના તરીકે શરૂ કરાયો હતો, જેને 1 એપ્રિલ, 2016માં PMAY-G નામ અપાયું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 20 નવેમ્બર, 2016ના રોજ આગ્રા (ઉત્તર પ્રદેશ)થી ગ્રામીણ વિકાસ મંત્રાલય અંતર્ગત PMAY-Gનો શુભારંભ કર્યો હતો.

❖ **કેન્દ્રીય મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી ઉદ્યોગ મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ ભારતમાં તમામ યોગ્ય પશુપાલન, ડેરી અને મત્સ્ય ખેડૂતોને KCCના લાભનું વિસ્તરણ કરવા માટે 'રાષ્ટ્રવ્યાપી પશુપાલન, ડેરી અને મત્સ્યપાલન (AHDF) કિસાન ક્રેડિટ કાર્ડ (KCC) અભિયાન' શરૂ કર્યું છે.**

→ આ અભિયાન 15 નવેમ્બર, 2021થી 15 ફેબ્રુઆરી, 2022 સુધીના 3 મહિના માટે આયોજિત થવાનું છે. આ અભિયાનનું આયોજન મત્સ્યપાલન વિભાગ અને નાણાકીય સેવા વિભાગના સહયોગથી પશુપાલન અને ડેરી વિભાગ (DAHD) દ્વારા કરવામાં આવે છે.

→ KCC યોજના 1998માં ભારત સરકાર દ્વારા RBI અને નેશનલ બેંક ફોર એગ્રિકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (NABARD) સાથે મળીને KCC જાહેર કરવા માટે દેવામાં ડૂબેલા ખેડૂતોને રાહત પ્રદાન કરવા માટે શરૂ કરવામાં આવી હતી.

❖ **કેન્દ્રીય શિક્ષણ અને કૌશલ વિકાસ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાષ્ટ્રીય એકતા દિવસ (31 ઓક્ટોબર)ના રોજ સ્કૂલો માટે 'ભાષા સંગમ પહેલ', 'ભાષા સંગમ મોબાઈલ એપ' અને 'એક ભારત શ્રેષ્ઠ ભારત' (EBSB) કિવઝ એપ લોન્ચ કરી છે.**

→ ભાષા સંગમ એક ભારત શ્રેષ્ઠ ભારત અંતર્ગત શરૂ કરવામાં આવેલી શિક્ષણ મંત્રાલયની પહેલ છે. આ પહેલ મુજબ 22 અનુસૂચિત ભાષાઓમાં 100 વાક્ય ભારતીય સાંકેતિક ભાષા સાથે ઓડિયો અને વીડિયો તરીકે પ્રસ્તુત કરવામાં આવે છે, જેનાથી સ્કૂલના બાળકો રોમન લિપિમાં અન્ય ભાષાઓ શીખી શકશે અને હિન્દી અને અંગ્રેજીમાં અનુવાદ કરી શકશે. તેનો વિકાસ NCERTએ કર્યો છે.

→ ભાષા સંગમ મોબાઈલ એપ એ MyGovના સહયોગથી ઉચ્ચ શિક્ષણ વિભાગની એક પહેલ છે. આ એપ 'મલ્ટિભાષી' સ્ટાર્ટઅપ દ્વારા વિકસિત છે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક માસ સુધી ચાલનારું 'હર ઘર દસ્તક' અભિયાન લોન્ચ કર્યું હતું.**

→ તેનો ઉદ્દેશ COVID-19 રસીકરણ અભિયાનમાં ઝડપ લાવવા જેમના બીજા ડોઝની અવધિ આવી ગઈ છે તેવા લોકો ઘર ધ્યાન કેન્દ્રીત કરીને COVID-19 રસીકરણ માટે ઘરે–ઘરે જઈને ખાસ ઝુંબેશ ચલાવવાનો છે. તેનો વધુ એક ઉદ્દેશ રસીકરણની નબળી કામગીરી ધરાવતા જિલ્લાઓમાં રસીકરણને વેગવાન બનાવવાનો પણ છે. 'હર ઘર દસ્તક' (નોક એવરી ડોર) અભિયાનનો લક્ષ્યાંક નવેમ્બર 2021ના અંત સુધીમાં 100% રસીકરણ હાંસલ કરવાનો છે.

❖ **આદિવાસી બાબતોના કેન્દ્રીય મંત્રી અર્જુન મુંડાએ નવી દિલ્હીમાં 16 નવેમ્બર, 2021ના દિલ્હી હાટ ખાતે TRIFED આદિ મહોત્સવનું ઉદ્‌ઘાટન કર્યું હતું.**

→ આદિ મહોત્સવ ભગવાન બિરસા મુંડાના પૌત્ર સુખરામ મુંડાની ઉપસ્થિતિમાં લોન્ચ કરાયો હતો. ઉદ્‌ઘાટન સમારોહ દરમિયાન, સુખરામ મુંડાએ ભગવાન બિરસા મુંડાના બલિદાન અને યોગદાનને યાદ કર્યું હતું. તેમણે નોંધ્યું હતું કે તેમના દાદાએ જંગલમાં આદિવાસીઓને સંગઠિત કરી ભારતની સ્વતંત્રતા માટે લડત ચલાવી હતી. આ પ્રસંગે, ઓલિમ્પિક મેડલિસ્ટ પદ્મવિભૂષણ બોક્સર એમ.સી.મેરીકોમને TRIFED આદિ મહોત્સના બ્રાન્ડ એમ્બેસેડર પસંદ કરાયા હતા.

→ આદિ મહોત્સવ એ આદિવાસી સંસ્કૃતિ, પાકકલા, હસ્તકલા અને વેપારવણજની ભાવનાની ઉજવણી છે. આ કાર્યક્રમ આદિવાસી વસતીને તેમના વિભિન્ન ઉત્પાદનો / કલા કારીગરી / હુન્નરને રજૂ કરવાનું મંચ પૂરું પાડે છે. તે આદિવાસી બાબતોના મંત્રાલય અને TRIFEDની એક સંયુક્ત પહેલ છે. તેનો પ્રારંભ વર્ષ 2017માં કરાયો છે. આદિ મહોત્સવ મહાન આદિવાસી સ્વાતંત્ર્ય સેનાની ભગવાન બિરસા મુંડાની સ્મૃતિમાં યોજાય છે.

❖ **રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 10 નવેમ્બર, 2021ના દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનમાં રાજ્યપાલો અને ઉપરાજ્યપાલોના 51મા સંમેલનમાં ભાગ લીધો હતો.**

→ આ સંમેલનમાં ઉપરાષ્ટ્રપતિ એમ. વેન્કૈયા નાયડુ અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા, રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં આ ચોથું સંમેલન હતું. આ અવસરે રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે બંધારણના ઘડવૈયાઓએ રાજ્યપાલોને લોકો અને સરકાર માટે મિત્ર, દાર્શનિક અને માર્ગદર્શક તરીકે કલ્પ્યા છે. તેમણે રાજ્યપાલો અને ઉપરાજ્યપાલોને પોતાના રાજ્યોમાં વધુને વધુ સમય ફાળવવા અને પ્રજા સાથે જીવંત સંબંધ જાળવી રાખવા અનુરોધ કર્યો હતો. રાજ્યપાલોનું પ્રથમ સંમેલન 1949માં રાષ્ટ્રપતિ ભવન ખાતે ભારતના અંતિમ ગવર્નર જનરલ સી. રાજગોપાલાચારીની અધ્યક્ષતામાં યોજાયુ હતું.

❖ **ASER (એન્યુઅલ સ્ટેટસ ઓફ એજ્યુકેશન રિપોર્ટ) કેન્દ્રના નિર્દેશક વિલીમાં વાધવા દ્વારા દેશમાં શિક્ષણ પ્રણાલીમાં પરિવર્તનને ઉજાગર કરનારો નવીનતમ એન્યુઅલ સ્ટેટસ ઓફ એજ્યુકેશન રિપોર્ટ (ASER) સર્વે જાહેર કરવામાં આવ્યો હતો.**

→ આ રિપોર્ટ અનુસાર, સરકારી શાળાઓમાં બાળકોનું એનરોલમેન્ટ 2020માં 65.8% થી વધીને 2021માં 70.3% થઈ ગયું છે તે 2018માં 64.3% હતું. આ રિપોર્ટ 25 રાજ્યોના 581 ગ્રામીણ જિલ્લાઓમાં 5-16 વર્ષ વય વર્ગના 75,234 બાળકોને કવર કરનારા ફોન સર્વેના આધારે તૈયાર કરવામાં આવ્યો હતો. આ સર્વે પ્રથમ એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે અને આ પ્રકારનો ભારતનો સૌથી જૂનો સર્વે છે.

❖ **SMART પોલીસિંગના શુભારંભના લગભગ 7 વર્ષ બાદ દિલ્હી સ્થિત થિંક ટેન્ક ઈન્ડિયન પોલીસ ફાઉન્ડેશન (IPF)એ પોલીસની પબ્લિક પર્સેપ્શનની ઓળખ કરવા માટે 'IPF સિટિઝન સેટિસ્ફેકશન સર્વે ઓન SMART' પોલીસિંગ, 2021' સર્વેક્ષણ પ્રકાશિત કર્યું.**

→ સર્વે અનુસાર, આંધ્ર પ્રદેશ અને તેલંગાણામાં 1-10 આધારે, ક્રમશઃ 8.11 અને 8.1 નો સર્વોચ્ચ SMART પોલીસિંગ ઈન્ડેકસ સ્કોર છે. ઉત્તર પ્રદેશ અને બિહારે ક્રમશઃ 5.81 અને 5.74 નો લઘુત્તમ સ્કોર મેળવ્યા છે. આ ઈન્ડેકસમાં ગુજરાતે 7.04 સ્કોર મેળવ્યો છે.

❖ **ગંગા મશાલે ઉત્તરાખંડમાં ઋષિકેશ અને હરિદ્વારથી વિધિવત્ રીતે આદર્યો હતો.**

→ ગંગા મશાલ ગંગા નદીના કિનારા પરના કુલ 23 સ્થળોનો પ્રવાસ કરશે. તે સ્થાનિક લોકો અને નમામિ ગંગે કાર્યક્રમના સ્વયંસેવકોને ગંગા નદીના કાયાકલ્પ અંગે સંવેદનશીલ બનાવવામાં મદદ કરશે. ગંગા મશાલને આ યાત્રામાં જિલ્લા વહીવટીતંત્ર, ગંગા વિચાર મંચ, ગંગા પ્રહરી, ગંગા દૂત અને ગંગા મિત્ર જેવા ક્ષેત્ર સ્વયંસેવકોએ સમર્થન આપ્યું હતું. મશાલનું વહન ગંગા ટાસ્ક ફોર્સ (GTF)ના બહાદુર જવાનોએ કર્યું હતું. ગંગા મશાલનું સમાપન પશ્ચિમ બંગાળમાં ગંગા સાગર ખાતે થશે.

→ કેન્દ્રીય કાનૂન અને ન્યાય મંત્રી કિરણ રિજિજુ અને કેન્દ્રીય જળ શકિત મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે 3 નવેમ્બર, 2021ના ગંગા ઉત્સવ દરમિયાન નવી દિલ્હીથી ગંગા મશાલને લીલીઝંડી આપી હતી. ઋષિકેશમાં ત્રિવેણી ઘાટ ખાતે ગંગા મશાલનું સ્વાગત કરાયું હતું.

## આંતરરાજ્ય

❖ **ઉત્તરાખંડના અલ્મોડા જિલ્લાના રાનીખેતમાં 2 એકર ક્ષેત્રમાં ફેલાયેલા ભારતના પ્રથમ 'ધારા સંરક્ષણ કેન્દ્ર' (ગ્રાસ કન્ઝર્વેટરી) અથવા 'જર્મપ્લાઝમ સંરક્ષણ કેન્દ્ર'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે.**

→ આ કન્ઝર્વેટરી કેન્દ્ર સરકારની કમ્પેન્સેટરી એફોરેસ્ટેશન ફંડ મેનેજમેન્ટ એન્ડ પ્લાનિંગ ઓથોરિટી (CAMPA) યોજના અંતર્ગત નાણાંપોષિત છે અને તેનો વિકાસ ઉત્તરાખંડ વન વિભાગની સંશોધન વિંગ દ્વારા કરવામાં આવ્યો છે.

❖ **દિલ્હીની અરવિંદ કેજરીવાલ સરકારે તાજેતરમાં બાંધકામ શ્રમિકો માટે 'શ્રમિક મિત્ર' યોજના શરૂ કરી છે.**

→ જે અંતર્ગત 800 શ્રમિક મિત્રો બાંધકામના શ્રમિકો સુધી પહોંચીને તેમને સરકારી યોજનાઓ અંગે જાગૃત કરશે. આ યોજના માટે અંદાજે 700 થી 800 શ્રમિક મિત્રોને તાલીમ પૂરી પડાશે, જેઓ બાદમાં જિલ્લા, વિધાનસભા અને વોર્ડ સ્તરના સંકલનકર્તા (સંયોજક) તરીકે કામ કરશે.

❖ **તાજેતરમાં મેઘાલય રાજ્યે 100 ડ્રમ મહોત્સવ 'વાંગલા' મનાવ્યો હતો.**

→ આ ઉત્સવ ગારો આદિજાતિનો પાકની લણણી પછીનો મહોત્સવ છે, જે દર વર્ષે ગારોના સૂર્ય દેવતા 'સાલજોંગ'ને સન્માનિત કરવા માટે આયોજિત કરવામાં આવે છે. જે પાકની સીઝન પૂરી થવાનો પ્રતીક પણ છે.

→ આ ઉત્સવ સામાન્ય રીતે 2 દિવસ ચાલે છે, પરંતુ ક્યારેક સપ્તાહ સુધી પણ ચાલુ રખાય છે. ઉત્સવના પ્રથમ દિવસે 'રગુલા' તરીકે ઓળખાતો સમારોહ હાઉસ ઓફ ધ ચીફ અંતર્ગત કરવામાં આવે છે, બીજા દિવસે સમારોહને 'કક્કટ' તરીકે ઓળખવામાં આવે છે. આ ઉત્સવના પ્રથમ દિવસે ચિબોક નૃત્ય અને કોચ નૃત્ય કરવામાં આવ્યું હતું. વાંગલા ઉત્સવને 100 ઢોલના તહેવાર તરીકે પણ ઓળખવામાં આવે છે.

- **છત્તીસગઢ રાજ્યે 3 દિવસીય વાર્ષિક બીજો રાષ્ટ્રીય આદિવાસી નૃત્ય મહોત્સવ, 2021 મનાવ્યો હતો.**
  - → આ મહોત્સવનું આયોજન પર્યટન વિકાસ યોજના અંતર્ગત રાયપુરના સાયન્સ કોલેજ મેદાનમાં કરવામાં આવ્યું હતું. આ મહોત્સવનું ઉદ્ઘાટન ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન અને છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે કર્યું હતું. આ વર્ષનું આયોજન છત્તીસગઢના રાજ્યોત્સવ સાથે જોડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં 27 ભારતીય રાજ્યો અને છ કેન્દ્રશાસિત પ્રદેશોની આદિવાસી નૃત્યાંગનાઓ દ્વારા પ્રદર્શન કરવામાં આવ્યું હતું.
  - → શીર્ષ 3 પદો માટે રાષ્ટ્રીય ટીમોએ ક્રમશઃ 5 લાખ રૂપિયા, 3 લાખ રૂપિયા અને 2 લાખ રૂપિયાના પુરસ્કાર સાથે પ્રતિસ્પર્ધા કરી હતી. પ્રતિયોગિતા બે શ્રેણીઓમાં હતી. લગ્ન નૃત્ય અને પાક અથવા કૃષિ વિષય અંગે પારંપરિક નૃત્ય.
  - → ટીમ ઝારખંડે બંને શ્રેણીઓમાં જીત મેળવી, કુલ 10 લાખ રૂપિયાનો રોકડ પુરસ્કાર જીત્યો હતો. ઓડિશાની ટીમ બંને શ્રેણીમાં ઉપવિજેતા રહી, લગ્ન નૃત્ય શ્રેણીમાં આસામ ટીમ ત્રીજા સ્થાને અને ટ્રેડિશનલ ડાન્સ શ્રેણીમાં છત્તીસગઢે ત્રીજું સ્થાન હાંસલ કર્યું હતું. આ ઉત્સવની શરૂઆત 2019માં છત્તીસગઢ પર્યટન બોર્ડ દ્વારા કરવામાં આવી છે.
- **ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકે માર્ગ સુરક્ષા પહેલ 'રક્ષક' શરૂ કરી છે.**
  - → આ પહેલ દેશમાં તેના પ્રકારની પ્રથમ રાજ્યસ્તરીય પહેલ છે, જેમાં 30,000 સ્વયંસેવકોને ભોજનાલયો અને દુર્ઘટના સંભવિત સ્થાનો પાસે સ્થિત વિવિધ વ્યાવસાયિક પ્રતિષ્ઠાનોમાં રહેવા અથવા કામ કરવા માટે માર્ગ દુર્ઘટનાઓના પ્રથમ પ્રતિક્રિયાકર્તા તરીકે પ્રશિક્ષિત કરવામાં આવશે. આ કાર્યક્રમ સાથે ઓડિશા પબ્લિક ટ્રાન્સપોર્ટ એન્ડ ઈન્ટેગ્રેટેડ કમ્પ્યૂટર સિસ્ટમ (OPTICS)નું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. રક્ષક કાર્યક્રમ અંતર્ગત સોલેટિયમ ફંડ નામક ભંડોળનું ગઠન કરવામાં આવ્યું છે, જેમાં 'હિટ એન્ડ રન' કેસના દુર્ઘટના પીડિતનું નુકસાન ભરવામાં આવશે. જેના ભાગરૂપે કોઈપણ મૃતકના ઉત્તરાધિકારી 2 લાખ રૂપિયા મેળવવા પાત્ર ગણાશે. આ યોજના અંતર્ગત ગંભીર રીતે ઘાયલ વ્યક્તિને 50,000 રૂપિયા મળવાપાત્ર થશે.
- **રાજ્ય વન્યજીવ બોર્ડ (SBWL)ની 17મી બેઠક દરમિયાન મહારાષ્ટ્ર સરકારે તેનો પોતાનો વાઈલ્ડલાઈફ એક્શન પ્લાન (2021-2030)ને મંજૂરી આપી છે.**
  - → મહારાષ્ટ્ર પોતાનો વાઈલ્ડલાઈફ એક્શન પ્લાન પસાર કરનારું ભારતનું પ્રથમ રાજ્ય બન્યું છે. બોર્ડ વિદર્ભ ક્ષેત્રના ચંદ્રપુર જિલ્લામાં તાડોબા–અંધારી ટાઈગર રિઝર્વની સીમાને લગભગ 79 ચો.કિ.મી. વધારવાની મંજૂરી આપી દીધી છે. આ યોજનાને સમયબદ્ધ રીતે લાગુ કરવા માટે સંબંધિત સરકારી વિભાગો, ક્ષેત્રના સરકારી સંગઠનો અને બિન સરકારી સંગઠનોની સમિતિનું ગઠન કરવામાં આવશે.
- **ઉત્તર પ્રદેશ સરકારે અયોધ્યાના ફૈઝાબાદ રેલવે જંકશનનું નામ બદલીને અયોધ્યા કેન્ટ (છાવણી) કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે**
  - → આ પ્રસ્તાવ ફૈઝાબાદ જિલ્લા પ્રશાસનને મૂકયો હતો. અયોધ્યા ઈક્ષ્વાકુ વંશની રાજધાની હતી અને ભગવાન રામની જન્મભૂમિ છે. 2018માં ઉત્તરપ્રદેશ સરકારે ફૈઝાબાદ અને અલ્લાહાબાદ જિલ્લાઓના નામ બદલીને અયોધ્યા અને પ્રયાગરાજ કર્યા હતા.
- **પશ્ચિમ બંગાળના કોલકાતામાં શ્યામાપ્રસાદ મુખરજી પોર્ટ (SMP, કોલકાતા)માં રેડિયો ઓવર ઈન્ટરનેટ પ્રોટોકોલ (ROIP) સિસ્ટમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે.**
  - → ROIP સિસ્ટમ કોલકાતાથી સેન્ડહેડ્સ સુધી સંપૂર્ણ હુગલી નદી એસ્ચુરીને કવર કરીને સમુદ્રી સંચાર મોડ તરીકે રજૂ કરવામાં આવી રહી છે, જેમાં 4 સ્થાનો પર બેઝ સ્ટેશન છે. આ સુવિધા સાથે વિશેષરૂપે વાવાઝોડા અને પ્રતિકૂળ મોસમ દરમિયાન સેન્ડહેડ્સના જહાજો સુધી કોલકાતાથી રેડિયોના માધ્યમથી સીધો સંચાર કરી શકાય છે. સેન્ડહેડ્સ પશ્ચિમ બંગાળના હલ્દિયાથી લગભગ 130 કિ.મી. દૂર સમુદ્રનો એક ખુલ્લો ભાગ છે.
- **કર્ણાટકના મુખ્યમંત્રી બસવરાજ બોમ્મઈએ વિવાદાસ્પદ મુંબઈ–કર્ણાટક ક્ષેત્રનું નામ બદલીને 'કિત્તુર કર્ણાટક' કરવાની ઘોષણા કરી હતી.**
  - → આ ક્ષેત્રમાં રાજ્યના 7 જિલ્લાઓ – ઉત્તર કન્નડ, બેલગાવી, ધારવાડ, વિજયપુરા, બગલકોટ, ગડગ અને હાવેરીનો સમાવેશ થાય છે. આ ઘોષણા 1 નવેમ્બર, 2021 ના 66મા કર્ણાટક રાજ્યોત્સવ દિવસ દરમિયાન કરાઈ હતી. અત્રે યાદ અપાવીએ કે વર્ષ 2019માં હૈદરાબાદ–કર્ણાટક ક્ષેત્રનું નામ બદલીને કલ્યાણ કર્ણાટક કરી દેવાયું હતું.

## ગુજરાત

- **ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિરમાં આગામી 10 થી 12 જાન્યુઆરી, 2022 દરમિયાન ત્રિદિવસીય વિશ્વસ્તરીય 10મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ યોજાશે.**
  - → આ વાઈબ્રન્ટ સમિટનું ઉદ્ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરશે. આ વખતની સમિટ 'ફ્રોમ આત્મનિર્ભર ગુજરાત ટુ આત્મનિર્ભર ભારત'ની થીમ સાથે યોજાશે. વાઈબ્રન્ટ સમિટ પૂર્વે 5 થી 9 જાન્યુઆરી, 2022 સુધીના 5 દિવસમાં 5 સેમિનારો યોજાશે. આ અગાઉ, ગાંધીનગર હેલિપેડના એક્ઝિબિશન સેન્ટર ખાતે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શોનું આયોજન કરશે.
- **ગુજરાત સરકારે નાગરિકોના પ્રશાસનિક કાર્યોને પેપરલેસ, ત્વરિત અને સરળ બનાવવા માટે પાઈલટ પ્રોજેકટ તરીકે 'ઈ–સરકાર' એપ લોન્ચ કરી છે.**
  - → ગુજરાત સરકારની આ સંપૂર્ણ એપ લોન્ચ કરવાની યોજના 25 ડિસેમ્બર, 2021ના રોજ સુશાસન દિવસ નિમિત્તે છે. ગુજરાત સરકારે 2005માં લોન્ચ કરેલી ઈન્ટેગ્રેટેડ વર્કફ્લો એન્ડ ડોકયુમેન્ટ મેનેજમેન્ટ સિસ્ટમ (IWDMS) એપ સાથે નવીનતમ ટેકનોલોજી ઉમેરીને ઈ–સરકાર એપ બનાવવામાં આવી છે.
- **રાજ્ય સરકાર દ્વારા દરેક જિલ્લામાં નાગરિકોની સેવાઓ અને યોજનાકીય કાર્યો તેમજ પેન્ડિંગ કામગીરી પર દેખરેખ રાખવા મુખ્યમંત્રીના સીધા નિયંત્રણ હેઠળ CM ડેશબોર્ડ કાર્યરત્ છે.**
  - → સુશાસન અને ઈ–ગવર્નન્સના ભાગરૂપે કાર્યરત્ ડેશબોર્ડમાં જૂનાગઢ જિલ્લાએ પ્રથમ સ્થાન મેળવ્યું છે. CM ડેશબોર્ડ પર વિવિધ 42 જેટલી સેવાઓની કામગીરીની ચકાસણી અને સમીક્ષા કરવામાં આવે છે. ડિજિટલ ગુજરાત અંતર્ગત આવતી ઓનલાઈન સેવાઓમાં અરજીઓનો નિકાલ, વિવિધ સર્ટિ કાઢવા, 108ની કામગીરીમાં ઝડપી રિસ્પોન્સ, ગૃહ વિભાગ લડત કામગીરી, સમાજ સુરક્ષા, મહેસૂલ સંબંધી કામગીરી, રેશનકાર્ડ જેવી બાબતોનો સમાવેશ થાય છે. જેમાં જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શ્રેષ્ઠ કામગીરી કરવામાં આવી છે.

Banking Academy

❖ **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સાવલી ખાતે યોજાયેલા પાણી પુરવઠા વિભાગના કાર્યક્રમમાં વડોદરાને 100% ટેપ કનેકટેડ જિલ્લો જાહેર કર્યો છે.**

→ રાજ્યમાં 100% 'નલ સે જલ' મેળવનાર વડોદરા છટ્ઠો જિલ્લો બન્યો છે. આ પહેલાં બોટાદ, આણંદ, ગાંધીનગર, મહેસાણા અને પોરબંદરને 100% ટેપ કનેકટેડ જિલ્લા જાહેર કરાયા હતા. કુલ જિલ્લામાં 3,26,705 ઘરોને આવરી લેવાયા છે.

❖ **તાજેતરમાં બિનપરંપરાગત ઊર્જા ઉત્પાદનમાં ગુજરાત પ્રથમ ક્રમે રહ્યું.**

→ ગુજરાત સરકારે બિનપરંપરાગત સ્ત્રોતો પર સવિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. ગુજરાતમાં બિનપરંપરાગત ઊર્જાની સ્થાપિત ક્ષમતા કુલ 1,463 મેગાવોટની છે. જે દેશની કુલ બિનપરંપરાગત ઊર્જા સ્થાપિત ક્ષમતાના 15% છે. સરકારે સોલાર રૂફટોપની યોજના 2016-17 માં અમલમાં મૂકી આજે તેની ક્ષમતા વધીને કુલ 1,444 મેગાવોટ થઈ છે. ગુજરાત રૂફટોપ સ્થાપનામાં પ્રથમ સ્થાન ધરાવે છે. ગુજરાતમાં દેશની પ્રથમ સોલર ઊર્જા નીતિની જાહેરાત કરાઈ હતી ગુજરાતની સોલર પાવર પ્રોજેકટ ક્ષમતા 5947 મેગાવોટ છે. ગુજરાતે દેશમાં સૌપ્રથમ કેનાલ ટોપ સોલર પાવર પ્લાન્ટની સ્થાપના કરી હતી. હાલમાં આવા 37 ટોપ સોલર પાવર પ્રોજેકટ કાર્યરત છે. દુનિયાના સૌથી વિશાળ 30 મેગાવોટ ક્ષમતાના હાઈબ્રોડ (સૌર અને પવન) રિન્યુઅલ એનર્જી પાર્કની કચ્છના ખાવડા ખાતે આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ 1993માં દેશની પ્રથમ પવન ઊર્જા નીતિ પણ ગુજરાતે જાહેર કરી હતી. જેની આજે સ્થાપિત ક્ષમતા 8860 મેગાવોટ છે. ગુજરાત વિન્ડ પાવર પ્રોજેકટની સ્થાપના કરવામાં દ્વિતીય સ્થાન ધરાવે છે.

❖ **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો 'સાર્થકતાનું પંચામૃત' કાર્યક્રમ યોજાયો.**

→ જેમાં કિશોર મકવાણા લિખિત રાષ્ટ્રપુરુષ ડૉ. બાબાસાહેબ આંબેડકર પુસ્તકનું વિમોચન કરાયું હતું. આ ઉપરાંત BAOU દ્વારા સંચાલિત રાજ્યના દરેક પ્રાદેશિક કેન્દ્ર પર અદ્યતન કમ્પ્યૂટર સેન્ટરનું લોકાપર્ણ, સાઈન લેંગ્વેજ વેબલિંકનું ઉદ્ઘાટન, ગાર્ગી રિસર્ચ પ્રપોઝલ અન્વયે અનુદાન, રાજયવ્યાપી પ્રતિભા શોધ સ્પર્ધા તેજતૃષાના તેજસ્વી તારલાઓનું અભિવાદન અને ઈનામ વિતરણ કરાયું હતું. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ પ્રો.અમી ઉપાધ્યાયે પણે હાજરી આપી હતી.

❖ **'આપણું ડાંગ, પ્રાકૃતિક ડાંગ' અભિયાન અન્વયે આહવા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ ડાંગ જિલ્લાને રાજ્યનો પ્રથમ સંપૂર્ણ રસાયણમુકત ખેતી કરતો પ્રાકૃતિક જિલ્લો જાહેર કર્યો હતો.**

→ સંપૂર્ણ રસાયણમુકત ડાંગ જિલ્લા હેઠળ પ્રાકૃતિક ખેતી કરતા કુટુંબો માટે રૂ. 31 કરોડની નાણાકીય સહાય યોજના ઘોષિત કરવામાં આવી છે. જેમાં ખેડૂત કુટુંબોને ખેત ઉત્પાદનની સંભવિત ઘટ સામે વળતર પેટે રૂ. 10 હજાર પ્રતિહેકટર વાર્ષિક સહાય માટે 20 કરોડની જોગવાઈ ઉપરાંત ખેડૂતોના થર્ડ પાર્ટી ઓર્ગેનિક સર્ટિફિકેશન અને હેન્ડ હોલ્ડિંગ માટે રૂ. 10 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

❖ **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'નોંધારાનો આધાર પ્રોજેકટ'નો રાજપીપળા ખાતે લોગો – વેબસાઈટ અને વેબ પોર્ટલ લોન્ચ કર્યું હતું.**

→ તેમજ CNG આધારિત સ્મશાનગૃહ પ્રોજેકટ અને સખીમંડળ સંચાલિત કેન્ટીનનું લોકાપર્ણ કર્યું હતું. આ પ્રોજેકટના લાભાર્થીઓને સહાય કિટ્સનું વિતરણ પણ કરાયું હતું. રાજપીપળામાં જિતનગર પોલીસ હેડકવાર્ટર્સ ખાતે આ પ્રોજેકટનો લોગો–વેબસાઈટ–વેબ પોર્ટલ લોન્ચ કરાયું હતું.

❖ **તાજેતરમાં દાદા હરિની વાવમાં વોટર ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું.**

→ અમદાવાદની ઐતિહાસિક દાદા હરિની વાવ ખાતે 21 નવેમ્બર, 2021ના રોજ વોટર ફેસ્ટિવલ મ્યુઝિક કોન્સર્ટમાં તબલાં માએસ્ટ્રો ફઝલ કુરેશી અને શાસ્ત્રીય ગાયિકા શુભા મુદ્ગલના ભવ્ય પરફોર્મન્સે સંગીત રસિકોને મંત્રમુગ્ધ કર્યા હતા. છેલ્લાં 12 વર્ષથી ક્રાફ્ટ ઓફ આર્ટ દ્વારા આ કોન્સર્ટ લાઈવ કરવામાં આવે છે. દાદા હરિની વાવમાં આયોજિત શાસ્ત્રીત સંગીત કોન્સર્ટના ઓનલાઈન પ્રસારણ દ્વારા આપણા અમૂલ્ય વારસારૂપી સ્મારકો અને સંગીતના સમૃદ્ધ વૈભવને લોકો સુધી પહોંચાડવામાં આવ્યો હતો.

## આંતરરાષ્ટ્રીય

❖ **આવાસ અને શહેરી બાબતો તથા પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રી હરદીપસિંહ પુરીએ સતત વિકાસ લક્ષ્યો (SDGs) માટે 2030 એજન્ડા પ્રાપ્ત કરવા માટે 'મોબિલિટી ફોર ઓલ' વિષય સાથે શહેરી મોબિલિટી ઈન્ડિયા (UMI) સંમેલન, 2021ની 14મી આવૃત્તિનું ઉદ્ઘાટન કર્યું હતું.**

→ 15મું UMI સંમેલન નવેમ્બર 2022માં કોચી (કેરળ)માં 'આઝાદી@75 : સતત આત્મનિર્ભર શહેરી મોબિલિટી'ના વિષય સાથે આયોજિત કરવામાં આવશે.

→ UMI સંમેલનમાં જાહેર કરાયેલ પ્રકાશનો :

⇒ 'મોબિલિટી એક સેવા તરીકે' (Maas) અંગેની ટૂલકિટ

⇒ ભારતમાં શહેરી બસ સંચાલન માટે PPP વ્યવસ્થા માટે સોર્સ પુસ્તક

⇒ 'SMART - સસ્ટેનેબલ અર્બન ટ્રાન્સપોર્ટ'નો એક સંગ્રહ

⇒ SMART MOVE - ઈનોવેટિવ અર્બન મોબિલિટી ચેલેન્જ 2021નો સંગ્રહ

⇒ વર્લ્ડ બેંક – GEF આસિસ્ટેડ એફિસિયેન્ટ એન્ડ સસ્ટેનેબલ સિટી બસ સર્વિસીઝ (ESCBS) પ્રોજેકટ અંતર્ગત બે શહેરો ચંડીગઢ અને મીરા–ભાયંદર માટે સિટી બસ સંચાલન માટે સેવા અને વ્યવસાય યોજના.

⇒ UMI સંમેલનમાં ઈન્ડિયા એટ 75 – મોબિલિટી ફોર ઓલ શીર્ષકથી ફિલ્મ જાહેર કરવામાં આવી હતી.

❖ **ભારત વર્ષ 2021થી વર્ષ 2025 સુધીના કાર્યકાળ માટે યુનેસ્કોના એકિઝકયુટિવ બોર્ડમાં પુનઃ ચૂંટાયું છે.**

→ ભારત 164 મતોથી ફિલિપાઈન્સ, કૂક આઈલેન્ડ અને ચીન પણ ચૂંટાઈ ગયા હતા. ભારત અગાઉ 2017માં વર્ષ 2021 સુધીના કાર્યકાળ માટે ચૂંટાયું હતું. ગ્રૂપ I માં આઈસલેન્ડ, ઓસ્ટ્રિયા અને તુર્કી ચૂંટાયા છે.

→ યુનેસ્કો એક્ઝિક્યુટિવ બોર્ડ સંયુક્ત રાષ્ટ્રની એજન્સીના ત્રણ બંધારણીય અંગો પૈકીનું એક છે. અન્ય બે જનરલ કોન્ફરન્સ અને સેક્રેટરિયેટ છે. યુનેસ્કોના એક્ઝિક્યુટિવ બોર્ડને જનરલ કોન્ફરન્સ દ્વારા ચૂંટી કાઢવામાં આવે છે. તે જનરલ કોન્ફરન્સની સત્તા અંતર્ગત કાર્ય કરે છે. એક્ઝિક્યુટિવ બોર્ડમાં 58 સભ્ય દેશો હોય છે, જેના પ્રત્યેકનો કાર્યકાળ 4 વર્ષ હોય છે. નોંધનીય છે કે UNESCOમાં કુલ 193 સભ્ય દેશો છે.

❖ **ભારત સરકારે નેપાળ સરકારને 34.9 કિ.મી. લાંબી 'જયનગર – કુર્થા ક્રોસ બોર્ડર રેલ લિંક' સોંપી છે, જે બિહારના જયનગરને નેપાળના કુર્થા સાથે જોડે છે.**

→ ભારત સરકારની IRCON ઈન્ટરનેશનલ લિમિટેડ આ રેલ લિંક નેપાળ સરકારની નેપાળ રેલવે કંપની લિમિટેડને સોંપી છે. આ રેલ લિંક ભારત અને નેપાળ વચ્ચે પ્રથમ બ્રોડગેજ ક્રોસ બોર્ડર રેલ લિંક છે.

→ જયનગર – કુર્થા રેલ લિંક ભારત સરકારની 8.77 અબજ NPR (લગભગ 550 કરોડ રૂપિયા)ની નાણાકીય સહાયતાથી નિર્મિત 68.7 કિલોમીટર જયનગર – બિજલપુરા – બરદીબાસ રેલ લિંકનો એક ભાગ છે.

→ ભારતની સહાયતાથી જોગબની–વિરાટનગર 18.6 કિ.મી. લાંબી રેલ લિંકનું નિર્માણ કાર્ય પણ શરૂ છે.

❖ **બ્રિટને દિવાળીના મહાપર્વ નિમિત્તે ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જીવન અને વારસાની સ્મૃતિમાં 5 પાઉન્ડનો વિશેષ સિક્કો જાહેર કર્યો છે.**

→ ભારતની આઝાદીના લડવૈયા ગાંધીજીના જીવન અને વિરાસતની યાદમાં પ્રથમ વખત બ્રિટનના સ્પેશિયલ કલેક્ટર્સ સિક્કાઓમાં ગાંધીજીને સ્થાન આપવામાં આવ્યું છે, તેવું UKના ભારતીય મૂળના નાણાં મંત્રી ઋષિ સુનકે જણાવ્યું હતું. આ સિક્કાનું વેચાણ લક્ષ્મીજીના ચિત્ર સાથેના ગોલ્ડબાર સાથે કરાશે. આ ગોળાકાર સિક્કામાં ભારતનું રાષ્ટ્રીય ફૂલ કમળ તથા ગાંધીજીનું પ્રખ્યાત અવતરણ 'મારુ જીવન એ જ મારો સંદેશ' અંકિત કરાયું છે.

❖ **ભારત અને ઈજિપ્તની વાયુસેનાએ ઈજિપ્તના એલ બેરિંગટ એરબેઝમાં બે દિવસીય અભ્યાસ 'ડેઝર્ટ વોરિયર'નું આયોજન કર્યું હતું.**

→ એર ચીફ માર્શલ RKS ભદોરિયાએ ઈજિપ્તનો પ્રવાસ કર્યો હતો.

❖ **ભારત–અમેરિકા સંયુક્ત પ્રશિક્ષણ સૈન્ય અભ્યાસ 'એકસ યુદ્ધ અભ્યાસ'નું 14 દિવસીય 17મી આવૃત્તિનું આયોજન અમેરિકાના અલાસ્કામાં સંયુક્ત બેઝ એલ્મેડોર્ફ રિચાર્ડસનમાં કરાયું હતું.**

→ આ અભ્યાસનું કેન્દ્રબિંદુ સંયુક્ત રાષ્ટ્ર (UN)ના જનાદેશ અંતર્ગત કાઉન્ટર ઈન્સર્જન્સી અને ઉગ્રવાદ અને આતંકવાદ વિરોધી વાતાવરણમાં સંયુક્ત પરીક્ષણ અને બંને સેનાઓ વચ્ચે સમજ, સહયોગ અને આંતર સંચાલન વધારવાનું છે. આ અભ્યાસમાં ભારત તરફથી 7 MADRAS ઈન્ફન્ટ્રી બટાલિયનના 350 જવાનો અને અમેરિકા તરફથી અમેરિકન સૈન્યની 40મી કેવલરી રેજિમેન્ટના પ્રથમ સ્કવોડ્રન (એરબોર્ન)ના 300 જવાનોએ ભાગ લીધો હતો.

→ એકસ યુદ્ધાભ્યાસ ભારત અને સંરક્ષણ સહયોગ પ્રયાસ છે. એકસ યુદ્ધાભ્યાસની છેલ્લી આવૃત્તિ ફેબ્રુઆરી 2021માં રાજસ્થાનના બીકાનેરમાં મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જમાં આયોજિત કરવામાં આવી હતી.

❖ **ભારતીય સૈન્યએ 15 થી 26 નવેમ્બર, 2021 સુધી ફ્રાન્સના ફ્રેજસમાં ફ્રાન્સના સૈન્ય સાથે દ્વિપક્ષીય તાલીમ અભ્યાસ શકિતની છઠ્ઠી આવૃત્તિનું આયોજન કર્યું હતું.**

→ શકિત 2021 કવાયતમાં ગોરખા રાઈફલ્સ ઈન્ફન્ટ્રી બટાલિયનની એક પ્લાટૂને ભારતીય સૈન્યનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ભારતે વર્ષ 2021ની શરૂઆતમાં ફ્રાન્સ સાથે સંયુક્ત નૌકાદળ અને વાયુદળ કવાયતો યોજી લીધી છે. આ દ્વિપક્ષીય યુદ્ધાભ્યાસ શકિત, 2021માં સંયુક્ત રાષ્ટ્રના જનાદેશ હેઠળ અર્ધ–શહેરી વિસ્તારની પૃષ્ઠભૂમિમાં આતંકવાદ વિરોધી અભિયાનો પર ધ્યાન કેન્દ્રીત કરાયું હતું, જેનો ઉદેશ બન્ને સેનાઓ વચ્ચે સૈન્ય સહયોગ અને આંતરસંચાલન વધારવાનો હતો. બન્ને દેશોની સેનાઓ વચ્ચે આ દ્વિવાર્ષિક અભ્યાસ વર્ષ 2011માં શરૂ થયો હતો. અભ્યાસ શકિતની પાંચમી આવૃત્તિ વર્ષ 2019માં રાજસ્થાન ખાતે મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જમાં ફોરેન ટ્રેઈનિંગ નોડમાં યોજાઈ હતી.

❖ **સંયુકત આરબ અમીરાત (UAE), બેહરીન, ઈઝરાયેલ અને અમેરિકાના નેવલ ફોર્સ સેન્ટ્રલ કમાન્ડ (NAVCENT)ની સેનાઓએ લાલ સાગરમાં એક બહુપક્ષીય સમુદ્રી સુરક્ષા અભિયાન અભ્યાસ હાથ ધર્યો હતો.**

→ આ US, ઈઝરાયેલ અને બે ખાડી દેશો (UAE અને બેહરીન) વચ્ચે જાહેર રીતે સ્વીકૃત પ્રથમ નૌકાદળ અભ્યાસ હતો. વર્ષ 2020માં UAE અને બેહરીને ઈરાન અંગેની સહિયારી ચિંતાઓ અને આર્થિક લાભની આશાઓને લઈને લવાયેલી અબ્રાહમ સમજૂતીના માધ્યમથી અમેરિકાના નેતૃત્વમાં ઈઝરાયેલ સાથે તેમના રાજદ્વારી સંબંધો સામાન્ય બનાવ્યા હતા. 'US ફિફથ ફ્લીટ / NAVCENT, બેહરીનમાં સ્થિત છે અને આરબની ખાડી, ઓમાનની ખાડી, રાતા સમુદ્ર (લાલ સાગર) તથા હિન્દ મહાસાગરના અમુક ભાગોમાં સંચાલિત થાય છે.

❖ **ભારતીય વાયુસેના (IAF)ના 84 કર્મચારીઓએ આંતરરાષ્ટ્રીય બહુપક્ષીય યુદ્ધ અભ્યાસ બ્લૂ ફ્લેગ, 2021માં IAFના મિરાજ 2000 વિમાન સાથે ઈઝરાયેલના ઓવડા એરબેઝમાં ભાગ લીધો હતો.**

→ આ યુદ્ધાભ્યાસમાં ઓપરેશનલ ક્ષમતાઓમાં સુધારા માટે જ્ઞાન અને યુદ્ધના અનુભવને શેર કરવા માટે 8 દેશોની વાયુસેના સામેલ છે.

→ વર્ષ 2021માં અભ્યાસમાં ભાગ લેનારા અન્ય સાત દેશોમાં અમેરિકા, ઈંગ્લેન્ડ, જર્મની, ફ્રાન્સ, ઈટાલી, ગ્રીસ અને ઈઝરાયેલ સામેલ છે. ભારતીય મિરાજ અને ફ્રેન્ચ રાફેલે પ્રથમવાર અભ્યાસમાં ભાગ લીધો છે. ઈઝરાયેલમાં પહેલીવાર અભ્યાસ અંતર્ગત બ્રિટિશ લડાકુ સ્કવોડ્રનને પણ તહેનાત કરવામાં આવી હતી. ઈઝરાયેલે બ્લૂ ફ્લેગની આ આવૃત્તિને 'ઈઝરાયેલનો અત્યારસુધીનો સૌથી મોટો અને સૌથી એડવાન્સ્ડ એરિયલ અભ્યાસ' કહ્યો છે. પ્રથમ બ્લૂ ફ્લેગ અભ્યાસ 2013માં આયોજિત કરવામાં આવ્યો હતો અને ભારતે પ્રથમવાર નવેમ્બર 2017માં ભાગ લીધો હતો.

❖ **વર્લ્ડ જસ્ટિસ પ્રોજેક્ટ (WJP) રુલ ઓફ લો ઈન્ડેક્સ, 2021 રિપોર્ટમાં ભારત 139 દેશો અને ક્ષેત્રાધિકારોમાંથી 79મા સ્થાને છે.**

→ WJP રુલ ઓફ લો ઈન્ડેક્સ, 2021 દેશોને 0 થી 1 સુધીના સ્કોરના આધારે રેન્ક આપે છે, જેમાં 1 રુલ ઓફ લોનું સૌથી મજબૂત પાલન દર્શાવે છે. પાકિસ્તાન 130મા સ્થાને છે. રેન્કિંગ 8 પરિબળો પર આધારિત હતી : સરકારી સત્તાઓ પર પ્રતિબંધ, ભ્રષ્ટાચારની અનુપસ્થિતિ, ખુલ્લી સરકાર, મૌલિક અધિકાર, આદેશ અને સુરક્ષા, રેગ્યુલેટરી એન્ફોર્સમેન્ટ, દીવાની ન્યાય અને ફોજદારી ન્યાય. આ ઈન્ડેક્સમાં પ્રથમ ક્રમાંકે ડેન્માર્ક, બીજા ક્રમાંકે નોર્વે અને ત્રીજા ક્રમાંકે ફિનલેન્ડ રહ્યું હતું.

- **તાજેતરમાં 4 ભારતીય સંસ્થાઓએ ટાઈમ્સ હાયર એજ્યુકેશન (THE)ના 'વિશ્વ પ્રતિષ્ઠા રેન્કિંગ', 2021માં જગ્યા બનાવી છે.**
  - → TOP 200 યુનિવર્સિટીઓને સામેલ કરનારા 'THE'ના વાર્ષિક રેન્કિંગ વિશ્વભરમાં મુખ્ય શિક્ષણવિદ્દોના વોટો પર આધારિત છે. ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ (IISc) બેંગલુરૂએ ટોપ 100 (91-100)માં સ્થાન મેળવ્યું છે અને ભારતમાં ટોચના સ્થાને છે. અન્ય 3 ભારતીય સંસ્થાઓ IIT બોમ્બે, IIT દિલ્હી અને IIT મદ્રાસ છે. 2021ના રેન્કિંગમાં 29 દેશોની 202 યુનિવર્સિટીઓ સામેલ છે. ચીનની સિંઘુઆ યુનિવર્સિટી ટોપ 10મા એકમાત્ર એશિયન યુનિવર્સિટી છે.
- **QS (Quacquarelli Symonds) દ્વારા QS એશિયા યુનિવર્સિટી રેન્કિંગ 2022 જાહેર કરવામાં આવ્યા છે.**
  - → જેમાં 118 ભારતીય યુનિવર્સિટીઓ તથા ચીનની 126 યુનિવર્સિટીનો સમાવેશ કરાયો છે. રેન્કિંગમાં નેશનલ યુનિવર્સિટી ઓફ સિંગાપુર (NUS)એ સતત ચોથા વર્ષે ટોચનું સ્થાન હાંસલ કર્યું છે. ત્યારબાદ ચીનની પેકિંગ યુનિવર્સિટી બીજા સ્થાને અને સિંગાપુરમાં નાનયાંગ ટેકનોલોજિકલ યુનિવર્સિટી અને હોંગકોંગની હોંગકોંગ યુનિવર્સિટી ત્રીજા સ્થાને છે. આ રેન્કિંગમાં 18 દેશોની કુલ 687 સંસ્થાઓ સામેલ છે. આ રેન્કિંગ મુખ્ય 11 સંકેતકોના આધારે તૈયાર કરાયું છે.
  - → QS એશિયા યુનિવર્સિટી રેન્કિંગ, 2022માં શીર્ષ 3 ભારતીય યુનિવર્સિટીઓ IIT બોમ્બે 42માં ક્રમાંકે, IIT દિલ્હી 45માં ક્રમાંકે અને IIT મદ્રાસ 54માં ક્રમાંકે છે.
- **તાજેતરમાં ચીને પાકિસ્તાનને પહેલું ટાઈપ 054A/P ફ્રિગેટ (યુદ્ધજહાજ) સોંપ્યું છે, જે કોઈપણ રડારને છેતરીને આગળ વધી શકે છે.**
  - → PNS તુગરિલ નામનું આ યુદ્ધજહાજ લાંબા અંતરની મારક ક્ષમતા ધરાવતી મિસાઈલો તેમજ એક જ મિનિટમાં અનેક રાઉન્ડ ફાયરિંગ કરી શકતી અત્યાધુનિક તોપથી સજ્જ છે. ચાર પ્રકારના 054A/P યુદ્ધજહાજોમાં પ્રથમ યુદ્ધજહાજ PNS તુગરિલ છે, જેનું નિર્માણ પાકિસ્તાની નૌકાદળ માટે કરાઈ રહ્યું છે.
- **યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન (UNESCO)એ 12 નવેમ્બર, 2021ના રોજ ફ્રાન્સના પેરિસમાં UNESCO ના મુખ્યાલયમાં આયોજિત વિશેષ સમારોહ સાથે તેની સ્થાપનાની 75મી વર્ષગાંઠ મનાવી હતી.**
  - → UNESCOની 75મી વર્ષગાંઠ મનાવવા માટે પેરિસના એફિલ ટાવર પર UNESCOના લોગો સાથે 75 વર્ષ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. ભારત વર્ષ 2021થી ચાર વર્ષના કાર્યકાળ માટે UNESCOની 21 સદસ્યોની પ્રતિષ્ઠિત વિરાસત સમિતિના સભ્ય તરીકે એશિયા–પ્રશાંત ક્ષેત્રમાંથી 142 મતથી પુનઃચૂંટાઈ આવ્યું છે.

Banking Academy

## અર્થવ્યવસ્થા

- **તાજેતરમાં વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા જાહેર લોજિસ્ટિક્સ ઈઝ અક્રોસ ડિફરન્ટ સ્ટેટ્સ (LEADS), 2021 ઈન્ડેક્સમાં ગુજરાતે તેના સુવિકસિત આંતરમાળખા અને સેવાઓ બદલ દેશના 21 રાજ્યોમાં ટોચનું સ્થાન સતત ત્રીજા વર્ષે યથાવત્ જાળવી રાખ્યું છે.**
  - → ગુજરાત પછીના ક્રમે હરિયાણા, પંજાબ અને તમિલનાડુ છે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે 8 નવેમ્બર, 2021ના જાહેર કરેલો લોજિસ્ટિકસ ઈન્ડેકસ ચાર્ટ રાજ્યોની લોજિસ્ટિકસ કાર્યદક્ષતાનું મૂલ્યાંકન કરે છે. LEADS અહેવાલ સૌપ્રથમવાર વર્ષ 2018માં લોન્ચ કરાયો હતો.
  - → અહેવાલનું માળખું ત્રણ પરિમાણો સાથે તૈયાર કરાયું છે. આ ત્રણ પરિમાણો – આંતરમાળખું, સેવાઓ તથા સંચાલન અને નિયામક પારિસ્થિતિકી તંત્ર છે. LEADS, 2021 ઈન્ડેકસ રેન્ક 3 અલગ–અલગ શ્રેણીઓ અર્થાત રાજ્યો, પૂર્વોત્તર રાજ્યો અને હિમાલયન કેન્દ્રશાસિત પ્રદેશો (UTs) અને અન્ય કેન્દ્રશાસિત પ્રદેશોમાં પ્રસ્તુત કરાય છે.
  - → આ રિપોર્ટ મુજબ પૂર્વોત્તર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં જમ્મુ–કાશ્મીર પ્રથમ ક્રમાંકે છે. જ્યારે કેન્દ્રશાસિત પ્રદેશની કેટેગરીમાં દિલ્હી પ્રથમ સ્થાને છે.
- **કેન્દ્રીય મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી ઉદ્યોગ મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ હરિયાણાના ગુરુગ્રામમાં LINAC-NCDC ફિશરીઝ બિઝનેસ ઈન્કયુબેશન સેન્ટર (LIFIC) તરીકે ઓળખાતું ભારતનું પ્રથમ બિઝનેસ ઈન્કયુબેટર લોન્ચ કર્યું છે.**
  - → LIFIC માટે નેશનલ કોઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC) અમલીકરણ એજન્સી તરીકે કાર્ય કરશે. NCDC એ 4 રાજ્યો – બિહાર, હિમાચલ પ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્રમાંથી 10 ઈન્કયુબેટરની પ્રથમ બેચની ઓળખ કરી છે. તેમાંથી 6 નવનિર્મિત મત્સ્યપાલન ઉત્પાદક સંગઠનોમાંથી છે, જેને પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના (PMMSY) અંતર્ગત ગ્રાન્ટની સહાયતા મળે છે. PMMSY 2020માં લોન્ચ કરવામાં આવી હતી, જેમાં 2024-25 સુધીમાં ભારતની મત્સ્ય નિકાસ 1 લાખ કરોડ રૂપિયા સુધી વધારવાનું લક્ષ્ય રખાયું છે. કેન્દ્રીય મંત્રી રૂપાલાએ લક્ષ્મણરાવ ઈનામદાર નેશનલ એકેડેમી ફોર કોઓપરેટિવ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (LINAC) પરિસરમાં સરદાર પટેલ ઓડિટોરિયમનું ઉદ્દઘાટન પણ કર્યું હતું.
- **શ્રમ મંત્રાલયે વેતન સંહિતા અંતર્ગત રાષ્ટ્રીય સ્તરે લઘુત્તમ વેતન નિર્ધારિત કરવા માટે જવાબદાર વિશેષજ્ઞ સમૂહનું પુનર્ગઠન કર્યું છે.**
  - → અર્થશાસ્ત્રી અને આંકડાશાસ્ત્રી SP મુખરજી 9 સભ્યના સમૂહનું નેતૃત્વ કરશે. આ સમૂહમાં આર્થિક વિકાસ સંસ્થા (IEG)ના અરૂપ મિત્રા અને IIM બેંગલુરુના રૂપા ચંદાને કૌશલ વિકાસ અને ઉદ્યમિતા મંત્રાલયના એક પ્રતિનિધિ સાથે સમૂહમાં સભ્ય તરીકે જોડવામાં આવ્યા છે. આ સમૂહનું ગઠન 3 વર્ષના સમયગાળા માટે કરવામાં આવ્યું છે.
- **મુખ્ય વૈશ્વિક પ્રબંધન પરામર્શ કંપની મર્સર કન્સલ્ટિંગે મર્સર ગ્લોબલ પેન્શન ઈન્ડેકસ, 2021 (MCGPI)ની 13મી આવૃત્તિ જાહેર કરી છે.**
  - → 43.3ના સમગ્ર સૂચકાંકના મૂલ્ય સાથે ભારતીય પેન્શન પ્રણાલી સમગ્ર સૂચકાંક રેન્કિંગમાં 43 પ્રણાલીઓમાંથી 40મા સ્થાને છે અને 33.5 સાથે પર્યાપ્તતા ઉપ–સૂચકાંકમાં સૌથી ઓછો રેન્ક છે. MCGPI, 2021માં 4 નવી નિવૃત્તિ પ્રણાલીઓ જોડવામાં આવી છે, જેમાં આઈસલેન્ડ, તાઈવાન, UAE અને ઉરૂગ્વે સૌથી વધુ રેન્ક ધરાવતા દેશોમાં સામેલ છે, જ્યારે નીચલા ક્રમે થાઈલેન્ડ છે.

❖ **પબ્લિક અફેર્સ સેન્ટર (PAC) દ્વારા જાહેર બેંગલુરુ સ્થિત બિનનફાકારક થિંક ટેન્ક પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ (PAI, 2021) ની છઠ્ઠી આવૃત્તિમાં 18 મોટા રાજ્યોની શ્રેણી (સર્વોત્તમ શાસિત રાજ્ય)માં કેરળ, તમિલનાડુ અને તેલંગાણા ટોચના સ્થાને છે.**

→ PAI, 2021 રાજ્ય સરકારની ગુણવત્તા શાસન અને વિશેષરૂપે COVID-19 પર અંકુશ લગાડવા માટે રાજ્ય સરકારની ભાગીદારી પર પ્રકાશ પાડે છે.

→ માપદંડો : PAI, 2021 5 વિષયો, 14 સતત વિકાસ લક્ષ્યો (SDGs) અને 43 સંકેતકો સાથે ઈક્વિટી, વિકાસ અને સ્થિરતાના 3 સ્તંભોના આધારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને રેન્કિંગ આપે છે.

| રેન્ક | મોટા રાજ્યો | નાના રાજ્યો | કેન્દ્રશાસિત પ્રદેશો |
|---|---|---|---|
| 1 | કેરળ | સિક્કિમ | પુડુચેરી |
| 2 | તમિલનાડુ | મેઘાલય | જમ્મુ અને કાશ્મીર |
| 3 | તેલંગાણા | મિઝોરમ | ચંડીગઢ |

→ કર્ણાટક, ઓડિશા અને ઉત્તરપ્રદેશ મોટા રાજ્યોમાં સૌથી નીચા સ્થાને છે. ઉત્તરાખંડ, દિલ્હી અને અરુણાચલ પ્રદેશ નાના રાજ્યોમાં સૌથી નીચા સ્થાને છે. લક્ષદ્વીપ, આંદામાન – નિકોબાર ટાપુ અને દાદરા અને નગર હવેલી કેન્દ્રશાસિત પ્રદેશોમાં સૌથી નીચા સ્થાને છે. આ ઈન્ડેક્સમાં ગુજરાત પાંચમા ક્રમાંકે છે.

❖ **તાજેતરમાં ભારતીય રેલવેએ રેલવે મંત્રાલય અંતર્ગત આવનારી સંસ્થા ભારતીય રેલવે સ્ટેશન વિકાસ નિગમ (IRSDC)ને ભંગ કરવાનો આદેશ આપ્યો છે.**

→ IRSDC રેલવે મંત્રાલય અંતર્ગત 2021માં બંધ થનારી બીજી સંસ્થા છે. રેલવે મંત્રાલયે ઈન્ડિયન રેલવેઝ ઓર્ગેનાઈઝેશન ફોર અલ્ટરનેટિવ ફયુઅલ (IROAF)ને 7 સપ્ટેમ્બર, 2021ના રોજ બંધ કરી હતી. IRSDC રેલ લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરીટી (RLDA)ની સંયુકત ઉદ્યમ કંપની અને ઈરકોન ઈન્ટરનેશન લિમિટેડ (IRCON)નું વિશેષ પ્રયોજન વાહન છે. IRSDCની સ્થાપના 12 એપ્રિલ, 2012ના રોજ કરવામાં આવી હતી અને તેનું વડુમથક નવી દિલ્હીમાં આવેલું છે.

❖ **TVS સમૂહની મુખ્ય કંપની TVS મોટર વિશ્વની સૌથી મોટી સ્વૈચ્છિક કોર્પોરેટ સ્થિરતા પહેલ 'સંયુકત રાષ્ટ્ર ગ્લોબલ કોમ્પેકટ' (UNGC)માં સામેલ થઈ ગઈ છે.**

→ TVS મોટર UNGCમાં સામેલ થનારી પ્રથમ ભારતીય 2 વ્હીલર અને 3 વ્હીલર નિર્માતા કંપની બની છે. UNGC સાર્વભૌમિક સ્થિરતા સિદ્ધાંતો લાગુ કરવા અને સંયુકત રાષ્ટ્રના લક્ષ્યોનું સમર્થન કરવાના પ્રયત્નો કરવા માટે CEOની પ્રતિબદ્ધતાઓ પર આધારિત એક સ્વૈચ્છિક પહેલ છે. UNGCના ભાગરૂપે TVS મોટર યોગ્ય ઉપકરણો અને વિશેષજ્ઞો સુધી પહોંચ સાથે પુરવઠા શ્રૃંખલામાં તેના પ્રયાસો આગળ ધપાવશે. વિશ્વભરમાં ભારત, સિંગાપુર, ઈન્ડોનેશિયા, UK અને યુરોપમાં TVS મોટરની ઓફિસો અને કામગીરી પ્રતિબદ્ધતાનું પાલન કરશે.

❖ **કેન્દ્ર સરકારે ઓટોમોબાઈલ માટે પ્રોડકશન–લિંકડ ઈન્સેન્ટિવ (PLI) યોજના હેઠળ કમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (CNG) અને લિકિવડ નેચરલ ગેસ (LNG) જેવા વૈકલ્પિક ઈંધણો સહિત 100 જેટલી ટેકનોલોજીને સામેલ કરી છે.**

→ હવે આ યોજના સુરક્ષા માટે ભારત સ્ટેજ VIને અનુરૂપ ફલેકસ ઈંધણ એન્જિન, ઉન્નત ડ્રાઈવર સહાયતા પ્રણાલી ઈ–કવાડ્રિસાઈકલ અને ઈલેકટ્રોનિક નિયંત્રણ એકમોને (ECU) પણ કવર કરશે. આ પગલાં પહેલાં, સરકારે માત્ર ટુ–વ્હીલર અને ફોર–વ્હીલર વાહનોને PLI યોજના હેઠળ સમાવ્યા હતા.

❖ **કેન્દ્રીય સંચાર રાજ્ય મંત્રી દેવુસિંહ ચૌહાણે તાજેતરમાં ટેલિકોમ અને નેટવર્કિંગ ઉત્પાદનો માટે પ્રોડકશન લિન્કડ ઈન્સેન્ટિવ યોજના (PLI યોજના) લોન્ચ કરી હતી.**

→ ટેલિકોમ ક્ષેત્રમાં PLI યોજના આત્મનિર્ભર ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વપ્નને સાકાર કરવા માટે લોન્ચ કરાઈ છે. આ યોજના ટેલિકોમ અને નેટવર્કિંગ ઉત્પાદનોની આયાત માટે અન્ય દેશો પર ભારતની નિર્ભરતા ઘટાડવામાં સહાય કરશે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 19 નવેમ્બર, 2021ની સવારે 9 વાગ્યે તેમના રાષ્ટ્રજોગ સંબોધનમાં જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે તમામ ત્રણ વિવાદાસ્પદ કૃષિ કાનૂનો પાછા ખેંચવાનો નિર્ણય કર્યો છે.**

→ કેન્દ્રીય કેબિનેટે ત્રણ વિવાદી કૃષિ કાયદાઓ પાછા ખેંચી લેવા માટેના વિધેયકને 24 નવેમ્બર, 2021ના મંજૂરી આપી હતી. સંસદ પાસે કોઈપણ કાનૂનને બનાવવાની, તેમાં સુધારા કરવાની અને તેને પાછા ખેંચવાની સત્તા છે.

→ ખેડૂતો દ્વારા વિરોધ કરવામાં આવેલા ત્રણ કૃષિ કાયદાઓ આ પ્રમાણે છે :

(1) ફાર્મર્સ પ્રોડયુસ ટ્રેડ એન્ડ કોમર્સ (પ્રમોશન એન્ડ ફેસિલિટેશન એકટ, 2020) : આ કાયદાનો ઉદ્દેશ વર્તમાન APMC (એગ્રિકલ્ચરલ પ્રોડયુસ માર્કેટ કમિટી)ને મંડીઓની બહાર કૃષિ ઉપજનો વેપાર કરવાની અનુમતિ આપવાનો અર્થાત ખેડૂતોને કોઈપણ જગ્યાએ પાક વેચવાની મંજૂરી છે.

(2) ફાર્મર્સ એમ્પાવરમેન્ટ એન્ડ પ્રોટેકશન, એગ્રીમેન્ટ ઓન પ્રાઈસ એશ્યોરન્સ એન્ડ ફાર્મ સર્વિસ એકટ, 2020 : આ કાનૂન કરાર આધારિત ખેતીની આઝાદી આપે છે.

ટઘ્ઘ્એસેન્શિયલ કોમોડિટી (એમેન્ડમેન્ટ) એકટ, 2020 : આ કાનૂનનો ઉદ્દેશ આવશ્યક વસ્તુઓની યાદીમાંથી અનાજ, કઠોળ, તેલીબિયાં, ખાદ્યતેલ, ડુંગળી અને બટેકાને દૂર કરવાનો છે.

## પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી

❖ **ઉપરાષ્ટ્રપતિ વેન્કૈયા નાયડુએ એશિયાના સૌથી મોટા ટેકનોલોજી કાર્યક્રમ બેંગલુરુ ટેક સમિટ (BTS)ની 24મી આવૃત્તિનું ઉદ્ઘાટન કર્યું હતું.**

→ આ કાર્યક્રમનું આયોજન હાઈબ્રિડ સ્વરૂપે કરવામાં આવ્યું હતું. પ્રથમવાર BTSએ યુનાઈટેડ સ્ટેટ્સ (US) ટેક કોન્કલેવની મેજબાની કરી હતી. ટેક સમિટનું આયોજન કર્ણાટક સરકારના ઈલેકટ્રોનિકસ વિભાગ, IT, બાયોટેકનોલોજી, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ અને સાયન્સ એન્ડ ટેકનોલોજી, કર્ણાટક ઈનોવેશન એન્ડ ટેકનોલોજી સોસાયટી (KITS), સોફટવેર ટેકનોલોજી પાકર્સ ઓફ ઈન્ડિયા (STPI), વિઝન ગ્રૂપ (ઈન્ફર્મેશન ટેકનોલોજી, જૈવટેકનોલોજી અને સ્ટાર્ટઅપ), MM એકિટવ સાયન્સ–ટેક કમ્યુનિકેશન્સ દ્વારા કરવામાં આવે છે. 3 દિવસીય આ કાર્યક્રમમાં 5000 થી વધુ સ્ટાર્ટઅપ અને 20,000 પ્રદર્શકોએ ભાગ લીધો હતો.

→ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બેંગલુરુ ટેક સમિટ અને ઓસ્ટ્રેલિયાના સિડની ડાયલોગના ક્રોસઓવર સત્રોને આભાસી રીતે સંબોધિત કર્યા હતા. આ વર્ષના આયોજનમાં ઓસ્ટ્રેલિયાના PM સ્કોટ મોરિસન અને ઈઝરાયેલના PM નફતાલી બેનેટે આભાસી રીતે ભાગ લીધો હતો. BTS 2021માં 30થી વધુ દેશોએ ભાગ લીધો હતો.

→ કર્ણાટક સરકારે જળવાયુ પરિવર્તન અસર અથવા મહામારી દરમિયાન સામે આવતા પડકારો સામે લડવા માટે અભિનવ કંપનીઓને સન્માનિત કરવામાં આવી હતી. આ પુરસ્કારનું નામ 'સ્માર્ટ બાયો એવોર્ડ્સ' રાખવામાં આવ્યું છે. મેડિકમ ફર્મ એકિસયો બાયોસોલ્યુશન્સે ઈનોવેટર ઓફ ધ યરનો પુરસ્કાર જીત્યો. NeoDx બાયોટેક લેબ્સને COVID-19 વિરુદ્ધ સર્વશ્રેષ્ઠ સ્ટાર્ટઅપનો પુરસ્કાર મળ્યો. બાયોમોનેટાની ડો.જનની વેંકટરામને વીમને આંત્રપ્રિન્યોર ઓફ ધ યર પુરસ્કાર જીત્યો.

❖ **તાજેતરમાં COP26 દરમિયાન જર્મનવોચ દ્વારા જારી વૈશ્વિક જળવાયુ પરિવર્તન પ્રદર્શન સૂચકાંક (CCPI), 2022માં ભારતે સતત ત્રીજા વર્ષે 10મું સ્થાને યથાવત રાખ્યું છે.**

→ ભારતે ટોપ 10 સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનારા દેશો (2020, 2021 બાદ ત્રીજા વર્ષે) માં પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે.

→ પ્રથમ ત્રણ સમગ્ર સ્થાન ખાલી રહે છે, કારણ કે કોઈપણ દેશોએ તમામ સૂચકાંક શ્રેણીઓમાં સમગ્ર રીતે ખૂબ જ ઉચ્ચ રેટિંગ પ્રાપ્ત કરવા માટે પર્યાપ્ત સારું પ્રદર્શન કર્યું નથી.

→ GHG (ગ્રીનહાઉસ ગેસ) ઉત્સર્જન, ઊર્જા ઉપયોગ અને જળવાયુ નીતિ શ્રેણીઓ અને પુનઃપ્રાપ્ય ઊર્જામાં ભારતના મધ્યમ પ્રદર્શનમાંથી ઉચ્ચ પ્રદર્શનનો દરજ્જો અપાયો છે. CCPI માં જણાવવામાં આવ્યું છે કે, ભારત 2030 સુધી બિનઅશ્મિભૂત ઈંધણ સ્થાપિત વિદ્યુત ક્ષમતા માટે 40 ટકા ભાગીદારીના તેના NDC લક્ષ્યને પ્રાપ્ત કરવાની નજીક છે, તથા નિશ્ચિતપણે 2030 સુધીમાં ઊર્જા તીવ્રતામાં 33-35 ટકાના ઘટાડાનું લક્ષ્ય છે. CCPIમાં ભારતની 450 GWની પુનઃપ્રાપ્ત વિદ્યુત ક્ષમતા અને 2030 સુધીમાં 30 ટકા ઈલેક્ટ્રિક વાહન ભાગીદારનું લક્ષ્ય પણ દર્શાવવામાં આવ્યું છે.

→ સાઉદી અરેબિયા G20માં સૌથી ખરાબ પ્રદર્શન કરનારો દેશ છે, જે 63મા સ્થાને છે. સૌથી મોટું વર્તમાન પ્રદૂષક ચીન 37મા સ્થાને છે, જ્યારે બીજો સૌથી વધુ ઉત્સર્જક દેશ અમેરિકા છે, જે 55મા સ્થાન પર છે.

❖ **પૃથ્વી વિજ્ઞાન રાજ્ય મંત્રી ડો. જિતેન્દ્રસિંહે દિલ્હી–NCR માટે નિર્ણય સમર્થન પ્રણાલી (DSS) સાથે 'ઈન્ટેગ્રેટેડ એર ક્વોલિટી અર્લી વોર્નિંગ સિસ્ટમ' (AQEWS) લોન્ચ કરી છે.**

→ DSS પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયની સ્વાયત્ત સંસ્થા ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટ્રોપિકલ મીટિયરોલોજી (IITM), પુણે (મહારાષ્ટ્ર)ના વૈજ્ઞાનિકો દ્વારા વિકસિત કરવામાં આવી હતી.

❖ **ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (GAIL) 12 – 14 મહિનાઓમાં 10 મેગાવોટ (MW)ની ક્ષમતા ધરાવતો ભારતનો સૌથી મોટો ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ સ્થાપિત કરવા માટે તૈયાર છે.ઘ**

→ આ અંગેની જાહેરાત GAILના CMD મનોજ જૈને નવી દિલ્હીમાં CERAWeek દ્વારા આયોજિત 5મા ઈન્ડિયા એનર્જી ફોરમ દરમિયાન કરી હતી. GAIL એ મધ્યપ્રદેશના વિજયપુરમાં એક સહિત હાઈડ્રોજન બનાવનારા એકમ માટે 2 – 3 સાઈટોને અંતિમ સ્વરૂપ આપ્યું છે.

❖ **સરકારી થિંક ટેન્ક નીતિ આયોગે 18 ઓક્ટોબર, 2021ના ISRO સાથેના સહયોગ તથા કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયોના સમર્થનથી ભારતનો ભૂ–સ્થાનિક ઊર્જા નકશો લોન્ચ કર્યો છે, જે ભૌગોલિક માહિતી પ્રણાલી (GIS) પર આધારિત છે.**

→ આ ભૂ–સ્થાનિક ઊર્જા નકશો દેશના તમામ ઊર્જા સંસાધનોની સમગ્ર તસવીર પ્રસ્તુત કરશે. આ નકશો ઊર્જાના બધા પ્રાથમિક અને દ્વિતીયક સ્ત્રોતો અને તેમના પરિવહનની ઓળખ કરે છે અને તેનો પતો મેળવે છે.

→ GIS પૃથ્વીની સપાટીની સ્થિતિ સાથે સંબંધિત ડેટાને કેપ્ચર કરવા, સ્ટોર કરવા, તપાસવા તથા પ્રદર્શિત કરવા માટે એક કમ્પ્યૂટર સિસ્ટમ છે. તે એક જ નકશા પર કેટલાય અલગ–અલગ પ્રકારના ડેટા જેમકે માર્ગો, મકાનો અને વનસ્પતિને પ્રદર્શિત કરી શકે છે. તે લોકોને વિભિન્ન ડેટા પેટર્ન તથા તેમના સંબંધોને અધિક સરળતાથી જોવા, વિશ્લેષણ કરવા અને સમજવામાં સક્ષમ બનાવે છે.

❖ **તાજેતરમાં કેન્દ્રીય ઊર્જા તથા નવી અને પુનઃપ્રાપ્ય (અક્ષય) ઊર્જા મંત્રી R.K. સિંહે પુનઃ પ્રાપ્ય (અક્ષય) ઊર્જા માટે ભારતનું પ્રથમ 'ગ્રીન ડે અહેડ માર્કેટ' લોન્ચ કર્યું છે.**

→ જે વિદ્યુત ઉત્પાદન અને વિતરણ કંપનીઓને દિન–પ્રતિદિન માર્કેટમાં પુનઃપ્રાપ્ય ઊર્જા (RE)નો વ્યાપાર કરવા સક્ષમ બનાવશે. પુનઃ પ્રાપ્ય ઊર્જા માટે GDAM શરૂ કરનારું ભારત વિશ્વનું એકમાત્ર મોટું વિદ્યુત માર્કેટ છે. GDAM માટે નોડલ એજન્સી તરીકે નેશનલ લોડ ડિસ્પેચ સેન્ટર (NLDC), પાવર સિસ્ટમ ઓપરેશન કોર્પોરેશન લિમિટેડ (POSOCO) કાર્ય કરશે.

→ પાવર ટ્રેડિંગ માર્કેટ માટે વર્તમાનમાં ભારતમાં 2 પ્લેટફોર્મ છે, પાવર એક્સચેન્જ ઈન્ડિયા લિમિટેડ (PXIL) અને ઈન્ડિયા એનર્જી એક્સચેન્જ IEX. આ એક્સચેન્જોમાં ઘણા પાવર ટ્રેડિંગ મિકેનિઝમ છે.

❖ **ભારતીય ચૂંટણી આયોગ લોન્ગિટયૂડ અને લેટિટયૂડનો ઉપયોગ કરીને તમામ મતદાન કેન્દ્રોના ડિજિટલ મેપિંગ માટે 'ગરૂડ એપ' લોન્ચ કરી છે.**

→ ગરૂડ એપનો ઉદ્દેશ ચૂંટણી કાર્યને ઝડપી, સ્માર્ટ, પારદર્શી અને સમય પર પૂર્ણ કરવાનો અને કાગળની કાર્યવાહી ઓછી કરવાનો છે. બુથ લેવલ ઓફિસર્સ (BLO) દ્વારા ફોટો અને સ્થાનની માહિતી સાથે મતદાન કેન્દ્રોના અક્ષાંશ અને રેખાંશને એપમાં અપલોડ કરવામાં આવશે.

❖ **કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ વિશ્વની પ્રથમ ત્વરિત સલાહ એપ 'CUNSULT' લોન્ચ કરી છે.**

→ માહિતી, સલાહ, પરામર્શ અને માર્ગદર્શનની જરૂરિયાતવાળા લોકો માટે આ પ્રથમ વૈશ્વિક સુવિધા છે. CUNSULTના માધ્યમથી 65 ક્ષેત્રોના વિશેષજ્ઞો સાથે સંપર્ક કરી શકાશે અને કોલ કરી શકાશે.

❖ **મહિલા અને બાળ વિકાસ મંત્રાલય અનુસાર, ભારતમાં 33 લાખથી વધુ કુપોષિત બાળકો છે.**

→ આ આંકડા પોષણ ટ્રેકર દ્વારા મેળવવામાં આવ્યા છે. મંત્રાલય અનુસાર, 50% થી વધુ બાળકો ગંભીર કુપોષિત શ્રેણીમાં છે. આ સૂચિમાં મહારાષ્ટ્ર, બિહાર અને ગુજરાત ટોચ પર છે. અનુમાન અનુસાર, ઓકટોબર 2021 સુધીમાં ભારતમાં 17,76,902 બાળકો ગંભીર તીવ્ર કુપોષિત (Severely acute malnourished-SAM) બાળકો અને 15,46,420 મધ્યમ તીવ્ર કુપોષિત (Moderately acute Malnourished-MAM) બાળકો છે. છેલ્લા એક વર્ષમાં ગંભીર કુપોષિત બાળકોમાં 91%ની વૃદ્ધિ થઈ છે. SAMથી પીડિત બાળકોનું વજન તેમની ઊંચાઈની સરખામણીએ ઓછું હોય છે.

❖ **ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC) હરિયાણામાં પાણીપત રિફાઈનરી એન્ડ પેટ્રોલિયમ કોમ્પ્લેક્સ (PRPC)માં મૂલ્યવર્ધિત રાસાયણિક ઉત્પાદનોના નિર્માણ માટે 3,651 કરોડ રૂપિયાના ખર્ચે ભારતનો પ્રથમ મેગાસ્કેલ માલેઈક એનહાઈડ્રાઈડ પ્લાન્ટ સ્થાપશે.**

→ પ્રોજેક્ટ 54 મહિનાઓમાં શરૂ થઈ જશે. પ્રસ્થાપિત પ્રોજેકટમાં પ્રતિવર્ષ 1,20,000 ટન માલેઈક એનહાઈડ્રાઈડ (MAH)ની ક્ષમતા છે, જેનો ઉપયોગ પોલિએસ્ટર રેઝિન અને સરફેસ કોટિંગ્સ પ્લાસ્ટિસાઈઝર, એગ્રોકેમિકલ્સ અને લુબ્રિકન્ટ્સ જેવા વિશેષ ઉત્પાદનો બનાવવા માટે કરવામાં આવે છે.

❖ **કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી જિતેન્દ્રસિંહે તેના પ્રકારની પ્રથમ નવીનતમ વિશ્વની સૌથી અત્યાધુનિક મેગ્નેટિક રેઝોનન્સ ઈમેજિંગ (MRI) સુવિધા સિમેન્સ (જર્મની)થી MRI સ્કેનર પ્રિઝમા નેશનલ બ્રેઈન રિસર્ચ સેન્ટર (NBRC), માનેસર (હરિયાણા)માં લોન્ચ કરી છે.**

→ આ સ્કેનિંગ સુવિધા જૂની ટેકનોલોજી કરતાં ચોથા ભાગનો સમય લે છે. નવી MRI સ્કેનર સુવિધાનો ઉપયોગ પાર્કિન્સન્સ રોગ, અલ્ઝાઈમર રોગ, એન્જાઈટી, ડિપ્રેશન, પોસ્ટ ટ્રોમેટિક સ્ટ્રેસ ડિસોર્ડર (PTSD) વગેરે સહિત સામાન્ય બ્રેઈન અને માનસિક સ્વાસ્થ્ય વિકારોથી પીડિત દર્દીઓ માટે માનવ સમૂહ ડેટા વિકસિત કરવા માટે કરવામાં આવે છે.

❖ **કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય માધવરાય સિંધિયાએ નાગરિક ઉડ્ડયન (વાણિજ્યિક, સામાન્ય અને વ્યાવસાયિક ઉડ્ડયન) અંગે એશિયાના સૌથી મોટા કાર્યક્રમ 'વિંગ્સ ઈન્ડિયા 2022'ની 5મી આવૃત્તિના કર્ટન રેઈઝરનું ઉદ્ઘાટન કર્યું હતું.**

→ આ દ્વિવાર્ષિક કાર્યક્રમ 24-27 માર્ચ, 2022 દરમિયાન બેગમપેટ એરપોર્ટ, હૈદરાબાદમાં 'ઈન્ડિયા@75: ન્યૂ હોરાઈઝન ફોર એવિએશન ઈન્ડસ્ટ્રી' વિષય પર નિર્ધારિત છે. તેનું આયોજન નાગરિક ઉડ્ડયન મંત્રાલય, એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI) અને ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI) દ્વારા વિદેશ મંત્રાલયના સહયોગથી કરવામાં આવશે. ભારતના ઉડ્ડયન ઉદ્યોગનું લક્ષ્ય 2024 સુધી ત્રીજું સૌથી મોટું હવાઈ યાત્રી માર્કેટ બનવાનું છે.

❖ **ભારતીય નૌસેનાએ હિન્દ મહાસાગર ક્ષેત્રમાં એન્ટિ સબમરીન ઓપરેશનને પ્રોત્સાહન આપવા માટે અમેરિકા સ્થિત એરોસ્પેસ કંપની બોઈંગ પાસેથી 11મું P-81 (પોસીડોન–81) લોંગ રેન્જ મેરીટાઈમ રેકોનેસન્સ એન્ટિ સબમરીન વોરફેર (LRMRASW) વિમાન પ્રાપ્ત કર્યું છે.**

→ LRMRASW સિએટલ (અમેરિકા)થી ગોવા પહોચ્યું હતું. અત્યારસુધીમાં બોઈંગે ભારતે ઓર્ડર કરેલા 12 P-81 પોસીડોન વિમાનોમાંથી 11ની ડિલિવરી કરી છે.

❖ **યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP) એ તાજેતરમાં જળવાયુ પરિવર્તન અંગે એક રચનાત્મક વીડિયો જાહેર કર્યો છે. જેનું શીર્ષક 'ડોન્ટ ચુઝ એક્સ્ટિંકશન' (વિનાશ પસંદ કરશો નહીં) રાખ્યું છે.**

→ વીડિયોમાં UNDPએ એ વાત પર પ્રકાશ ફેંકયો છે કે જળવાયુ કટોકટી માટે આ કામ કરવાનો સમય છે. અત્યાવશ્યકતાને ઘરે લઈ જવાનો અને દુનિયાનું ધ્યાન આકર્ષિત કરવા માટે જે કંઈપણ જરૂરી હોય તે કરવાનો સમય આવી ગયો છે. વાઈરલ વીડિયોમાં વિશ્વના નેતાઓ અને રાજદ્વારીઓને સરળ સંદેશ આપવા ફ્રેન્કી નામના એક ડાયનોસોરને દેખાડાયું છે અને તેના થકી જણાવાયું છે કે અત્યારે નહીં તો કયારેય નહીં. બહુ વિલંબ થઈ જાય તે પૂર્વે વિલપ્ત થવાનું પસંદ ન કરો અને માનવ પ્રજાતિઓને બચાવો. મહત્વના સંદેશમાં ભારપૂર્વક જણાવાયું છે કે સરકારે ગ્રીનહાઉસ વાયુઓનું ઉત્સર્જન ઘટાડવા અને પૃથ્વીને બચાવવા જીવાશ્મ બળતણો પરની સબસિડીઓમાં કાપ મૂકવાની જરૂર છે.

❖ **ભારતે વિકસિત દેશોમાંથી ઐતિહાસિક કાર્બન ડાયોકસાઈડ ઉત્સર્જનની યાદી આપતી ભારતીય જળવાયુ ઉત્સર્જનની યાદી આપતી ભારતીય જળવાયુ વિશેષજ્ઞો દ્વારા બનાવવામાં આવેલી વેબસાઈટને સત્તાવાર રીતે સમર્થન આપ્યું હતું.**

→ અમેરિકા, ઓસ્ટ્રેલિયા, કેનેડા જેવા દેશોને શુદ્ધ કાર્બન ઋણ અને ભારત, ચીન જેવા દેશોને શુદ્ધ કાર્બન ક્રેડિટ યાદીમાં બતાવવામાં આવ્યા છે. આ વેબસાઈટને 'Climate Equity Monitor' કહેવામાં આવે છે.

❖ **સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે નવી દિલ્હીથી મિલિટરી એન્જિનિયર સર્વિસીઝ (MES) માટે વેબ આધારિત મેનેજમેન્ટ પોર્ટલ (WBPMP) લોન્ચ કર્યું છે.**

→ આ પોર્ટલ MES દ્વારા અમલી પ્રથમ પ્રોજેક્ટ મેનેજમેન્ટ પોર્ટલ છે. આ પોર્ટલનો વિકાસ ગાંધીનગર (ગુજરાત) સ્થિત ભાસ્કરાચાર્ય નેશનલ ઈન્સ્ટિટયૂટ ફોર સ્પેસ એપ્લિકેશન્સ એન્ડ જીયો–ઈન્ફર્મેટિકસ (BISAG-N) દ્વારા કરવામાં આવ્યો છે.

❖ **DRDO અને ઈન્ડિયન એર ફોર્સ (IAF)એ સ્વદેશીરૂપે વિકસિત સ્માર્ટ એન્ટિ–એરફિલ્ડ વેપન (SAAW)ના 2 ફ્લાઈટ પરીક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે.**

→ SAAWનું પરીક્ષણ રાજસ્થાનમાં જેસલમેરની ચંદન રેન્જમાં IAF વિમાન પરથી કરવામાં આવ્યું હતું. 2 અલગ કન્ફિગ્યુરેશનનો ઉપયોગ કરીને 2 ફ્લાઈટ પરીક્ષણ કરવામાં આવ્યા હતા. સેટેલાઈટ નેવિગેશન અને ઈલેક્ટ્રો ઓપ્ટિકલ સેન્સર. સ્વદેશીરૂપે વિકસિત ઈલેક્ટ્રો–ઓપ્ટિકલ સેન્સરનો ઉપયોગ કરીને પ્રથમવાર પરીક્ષણ કરવામાં આવ્યું છે. SAAW 100 કિલોમીટરના ચોક્કસ લક્ષ્ય સાથે પ્રહાર કરી શકે છે અને 125 કિલોગ્રામનું વોરહેડ લઈ જવા સક્ષમ છે. SAAW સિસ્ટમ ઈલેક્ટ્રો ઓપ્ટિકલ કોન્ફિગ્યુરેશન હથિયારની પ્રિસાઈઝ સ્ટ્રાઈક ક્ષમતાને પ્રોત્સાહન આપવા માટે ઈમેજિંગ ઈન્ફ્રારેડ (IIR) સીકર ટેકનોલોજીથી સજ્જ છે.

→ SAAW લાંબા અંતરનું પ્રિસિઝન ગ્રાઈડેડ એન્ટિ – એરફિલ્ડ વેપન છે, જેને DRDO લેરોરેટરી અને IAFના સહયોગથી રિસર્ચ સેન્ટર ઈમારત (RCI), હૈદરાબાદ દ્વારા ડિઝાઈન અને વિકસિત કરવામાં આવ્યું છે. SAAWની હથિયાર એકીકરણ પ્રક્રિયા હિન્દુસ્તાન એરોનોટિકસ લિમિટેડ (HAL), બેંગલોર દ્વારા કરવામાં આવી હતી.

❖ **ભારતીય વાયુસેના (IAF) અને ભારતીય સૈન્યએ ઉત્તરક્ષેત્રમાં લોજિસ્ટિકસ સપ્લાયને મજબૂત કરવા અને ઓપરેશનલ ક્ષેત્રોમાં વિન્ટર સ્ટોકિંગ વધારવા માટે સંયુકત એરલિફટ અભ્યાસ 'ઓપરેશન હરકયુલસ'નું આયોજન કર્યું હતું.**

→ આ અભ્યાસ માટે C-17, IL-76 અને AN-32 વિમાનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ વિમાનોએ પશ્ચિમ વાયુ કમાનના અગ્રિમ બેઝથી ઉડાન ભરી હતી.

❖ **ભારતીય નૌસેનાએ મુંબઈ સમુદ્ર તટેથી દૂર ઓફશોર ડેવલપમેન્ટ એરિયા (ODA)માં 'પ્રસ્થાન' નામક સુરક્ષા અભ્યાસનું આયોજન કર્યું હતું.**

→ આ અભ્યાસ દર છ મહિને વડામથક પશ્ચિમ નૌસેના કમાન દ્વારા આયોજિત કરવામાં આવે છે. અભ્યાસ મુંબઈના પશ્ચિમમાં લગભગ 94 નોટિકલ માઈલના અંતરે સ્થિત ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC)ના મુંબઈ હાઈ નોર્થ (MHN) પ્લેટફોર્મ પર આયોજિત કરવામાં આવ્યો હતો. આ અભ્યાસનો ઉદ્દેશ ODAમાં થનારી વિવિધ આકસ્મિકતાઓની પ્રતિક્રિયા માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર્સ (SOP) નક્કી કરવાની દિશામાં ઓફશોર સુરક્ષા સુનિશ્ચિત કરવાનો અને નૌસેના, વાયુસેના, તટરક્ષક દળ, ONGC, પોર્ટ ટ્રસ્ટ, કસ્ટમ્સ, રાજ્ય મત્સ્ય વિભાગ અને સમુદ્રી પોલીસ સહિત સમુદ્રી હિતધારકોને એકીકૃત કરવાનો છે.

❖ **રશિયાએ ભારતને S-400 ટ્રાયમ્ફ એર ડિફેન્સ સિસ્ટમનો સપ્લાય શરૂ કરી દીધો છે, તેવી ઘોષણા રશિયન ફેડરલ સર્વિસ ફોર મિલિટરી–ટેકનિકલ કોર્પોરેશન (FSMTC)ના ડાયરેકટર દમિત્રી શુગાએવે કરી હતી.**

→ S-400 ટ્રાયમ્ફ એર ડિફેન્સ સિસ્ટમ શત્રુ દેશોના યુદ્ધવિમાનો અને ક્રૂઝ મિસાઈલોનો મુકાબલો કરવામાં ભારતીય ક્ષમતાઓને મહત્વનું બળ પૂરું પાડશે. S-400 ટ્રાયમ્ફ એર ડિફેન્સ સિસ્ટમની પ્રથમ સ્કવોડ્રનને પશ્ચિમી સરહદ નજીકના સ્થળે તૈનાત કરાશે, જે ચીન અને પાકિસ્તાન સાથેની ઉત્તરીય અને પશ્ચિમી સરહદો પર બન્ને દુશ્મન દેશો તરફથી ઊભાં થતાં જોખમો સાથે કામ પાડવામાં મદદ કરશે. 400 કિ.મી. સુધીના હવાઈ જોખમોને પહોંચી વળવા ભારતને 5 સ્કવોડ્રનોની જરૂર પડશે. S-400 એર ડિફેન્સ સિસ્ટમની પહેલી સ્કવોડ્રન 2021ના અંત સુધીમાં તૈયાર થઈ જશે. આ સિસ્ટમ રશિયાથી હવાઈ અને દરિયાઈ માર્ગે ભારત લવાઈ રહી છે.

❖ **વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનએ 2021 માટે ગ્લોબલ TB રિપોર્ટ જાહેર કર્યો છે, જેમાં COVID-19ની અસર પર પ્રકાશ પાડયો છે.**

→ જેનાથી ટયુબરકયુલોસિસ (TB) ઉન્મૂલનની પ્રગતિમાં ભારતે ઊલટફેર કર્યો છે. રિપોર્ટમાં ભારતનો TB ઉન્મૂલનમાં સૌથી વધુ પ્રભાવિત દેશ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, 2020માં TB કેસોની તપાસમાં ભારે અસર જોવા મળી છે. 2019ની સાપેક્ષમાં 2020માં 20% TB ના કેસોમાં નાટકીય રીતે ઘટાડો જોવા મળ્યો છે. અર્થાત 4.1 મિલિયનનું અંતર જોવા મળ્યું હતું. TBની તપાસ કરવાની પ્રગતિ 2012ના સ્તરે પહોંચી થઈ છે, ભારતમાં 2020માં કુલ કેસોમાં 41% નો ઘટાડો નોંધાયો છે. લક્ષદ્વીપ ભારતનો પ્રથમ TB મુકત કેન્દ્રશાસિત પ્રદેશ છે, જે 2025 સુધીમાં TBને સમાપ્ત કરવાના ભારતના લક્ષ્યને અનુરૂપ છે. TB 2019માં મૃત્યુનું 13મું મુખ્ય કારણ હતું. 2020માં તે મૃત્યુનું બીજું મુખ્ય કારણ બની ગયું છે.

❖ **યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (UNEP) દ્વારા જાહેર 'ફ્રોમ પોલ્યુશન ટુ સોલ્યુશન : અ ગ્લોબલ એસેસમેન્ટ ઓફ મરીન લિટર એન્ડ પ્લાસ્ટિક પોલ્યુશન' રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, સમુદ્રી પ્લાસ્ટીક પ્રદૂષણ ઓછું કરવાના યોગ્ય પ્રયત્નો વગર એકવાટિક ઈકોસિસ્ટમમાં પ્રવેશતા પ્લાસ્ટિક કચરાનું પ્રમાણ 2016માં 9.14 મિલિયન ટન પ્રતિવર્ષથી 3 ગણું વધીને 2040 સુધીમાં 23.27 મિલિયન ટન પ્રતિ વર્ષ થવાનું અનુમાન છે.**

→ એક અન્ય દ્રષ્ટિકોણ સાથે પ્લાસ્ટિક પ્રદૂષણ 2016માં 19.23 મિલિયન ટનથી બે ગણું વધીને 2030 સુધીમાં લગભગ 53 મિલિયન ટન થવાનું અનુમાન છે. વર્તમાન મહાસાગરોમાં પ્લાસ્ટિકનું પ્રમાણ લગભગ 75-199 મિલિયન ટન હોવાનું અનુમાન છે. પ્લાસ્ટિકથી ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન 2015માં 1.7 ગીગાટન કાર્બન ડાયોકસાઈડ સમકક્ષ ($GTCO_2e$)થી વધીને 2050 સુધીમાં લગભગ 6.5 $GTCO_2e$ અથવા વૈશ્વિક બજેટના 15 ટકા થવાનું અનુમાન છે.

❖ **વર્લ્ડ મીટિયરોલોજિકલ ઓર્ગેનાઈઝેશન (WMO) દ્વારા તેના પ્રકારના પ્રથમ મલ્ટિ એજન્સી રિપોર્ટ 'સ્ટેટ ઓફ ધ કલાઈમેટ ઈન એશિયા, 2020' અનુસાર, ઉષ્ણકટિબંધીય ચક્રવાતો, પૂર અને દુષ્કાળના કારણે ભારતને લગભગ 87 અબજ ડોલરનું સરેરાશ વાર્ષિક નુકસાન થયું છે.**

→ રિપોર્ટ અનુસાર, સૌથી વધુ નુકસાન ચીનને થયું છે અને ત્યારબાદ ભારત અને જાપાનનું સ્થાન છે. સૌથી વધુ નુકસાન દુષ્કાળના કારણે થયું છે. આ અહેવાલ જમીન અને સમુદ્રના તાપમાન, વર્ષા ગ્લેશિયરોનું પાછું ખસવું, ઓગળતો સમુદ્રી બરફ, સમુદ્રી સ્તરમાં વૃદ્ધિ અને ગંભીર હવામાનનું અવલોકન પ્રદાન કરે છે. એશિયામાં 2020 1981-2010ની સરેરાશથી 1.39 ડિગ્રી સેલ્સિયસના સરેરાશ તાપમાન સાથે સૌથી ગરમ વર્ષ નોંધાયું છે. 1990ના દશકની શરૂઆતથી વૈશ્વિક સમુદ્રી સ્તર 3.3 ± 0.3 મિમી પ્રતિવર્ષના દરથી વધ્યું છે. હાઈ માઉન્ટેશન એશિયા તિબેટ ઉચ્ચપ્રદેશ અને હિમાલય પર કેન્દ્રીત લગભગ 10,0000 ચો.કિ.મી. ગ્લેશિયરનું ઘર છે. 2050 સુધીમાં ગ્લેશિયર દ્રવ્યમાનમાં 20 થી 40% નો ઘટાડો થવાનું અનુમાન છે.

❖ **કાઉન્સિલ ઓન એનર્જી, એન્વાયર્નમેન્ટ એન્ડ વોટર (CEEW)એ ભારતનો તેના પ્રકારનો પ્રથમ જિલ્લાસ્તરીય જળવાયુ ભેદ્યતા મૂલ્યાંકન રિપોર્ટ 'મેપિંગ ઈન્ડિયાઝ કલાઈમેટ વલ્નરેબિલિટી : અ ડિસ્ટ્રિકટ લેવલ એસેસમેન્ટ' રજૂ કર્યો છે.**

→ રિપોર્ટ અનુસાર, ભારતની 80 ટકાથી વધુ વસતી એવા જિલ્લાઓમાં રહે છે જે અત્યાધિક જળવાયુ જોખમોના ચપેટમાં છે.

→ ભારતનું દક્ષિણ ક્ષેત્ર ચરમ જળવાયુ ઘટનાઓ અને તેના મિશ્રિત પ્રભાવો માટે વધુ સંવેદનશીલ છે. ત્યારબાદ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, ઉત્તર–પૂર્વ અને મધ્ય ક્ષેત્ર આવે છે. પૂર્વ ક્ષેત્રોના કુલ જિલ્લાઓમાંથી 59% અને પશ્ચિમ ક્ષેત્રોના 41% અત્યધિક ચક્રવાત ઘટનાઓ માટે કોઈ હોટસ્પોટ નથી. આસામ, આંધ્ર પ્રદેશ (AP), મહારાષ્ટ્ર, કર્ણાટક અને બિહાર પૂર, દુષ્કાળ અને ચક્રવાત જેવી ચરમ જળવાયુ ઘટનાઓ માટે ખૂબ વધુ સંવેદનશીલ છે.

❖ **ગ્લોબલ કોરલ રીફ મોનિટરિંગ નેટવર્ક (GCRMN)ના અહેવાલ 'સ્ટેટસ ઓફ કોરલ રીફસ ઓફ ધ વર્લ્ડ : 2020'ની છઠ્ઠી આવૃત્તિ અનુસાર, 2009થી 2018 સુધીમાં વિશ્વના કોરલનું 14% નુકસાન થયું છે.**

→ આ નુકસાન ક્ષેત્ર અનુસાર, અલગ અલગ છે. પૂર્વ એશિયામાં 5% થી લઈને પૂર્વ ઉષ્ણકટિબંધીય પ્રશાંત ક્ષેત્રમાં 95% સુધી છે. રિપોર્ટમાં વિશ્વના કોરલને અસર કરનારા ઉચ્ચ તાપમાનની અત્યારસુધીની સૌથી વિસ્તૃત વૈજ્ઞાનિક તસવીર પ્રદાન કરવામાં આવી છે. કોરલ (પરવાળા) રીફસના ક્ષરણનું કારણ ગ્લોબલ વોર્મિંગ અને અન્ય સ્થાનિક દબાણ જેમકે અત્યધિક માછલીઓ પકડવી, સતત તટીય વિકાસ અને પાણીની ગુણવત્તામાં ઘટાડો છે. એલિવેટેડ સી સરફેસ ટેમ્પરેચર્સ (SSTS) કોરલ રીફના ક્ષરણનું મુખ્ય ચાલક છે. કોરલ રીફસ સમુદ્રના માત્ર 0.2% ભાગને કવર કરે છે.

❖ **લંડન અને પાર્ટનર્સ અને Dealroom.co દ્વારા જાહેર ફાઈવ ઈયર્સ ઓન : ગ્લોબલ કલાઈમેટ ટેક ઈન્વેસ્ટમેન્ટ ટ્રેન્ડસ સિન્સ ધ પેરિસ એગ્રીમેન્ટ રિપોર્ટ અનુસાર, ભારત 2016 થી 2021 સુધીમાં જળવાયુ ટેકનોલોજી રોકાણ માટે શીર્ષ 10 દેશોની યાદીમાં 9મા સ્થાને છે.**

→ ભારતીય જળવાયુ ટેકનોલોજી ફર્મોને આ સમયગાળામાં ઉદ્યોગ મૂડી (VC) તરીકે 1 અબજ ડોલર મેળવ્યું છે. રિપોર્ટમાં પેરિસ (ફ્રાન્સ)માં 2016ના સંયુકત રાષ્ટ્ર કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ (COP) પછી જળવાયુ ક્ષેત્રમાં ટ્રેન્ડસનું વિશ્લેષણ કરાયું છે. આ યાદીમાં અમેરિકા 48 અબજ ડોલર સાથે ટોચ પર છે, ત્યારબાદ ચીને 18.6 અબજ ડોલરનું રોકાણ મેળવ્યું છે.

❖ **વર્લ્ડ બેંક દ્વારા જાહેર નવીનતમ 'ધ ચેન્જિંગ વેલ્થ ઓફ નેશન્સ, 2021 : મેનેજિંગ એસેટ્સ ફોર ધ ફયુચર' અનુસાર, વાયુ પ્રદૂષણના કારણે દક્ષિણ એશિયામાં માનવમૂડીનું વિશ્વમાં સૌથી વધુ નુકસાન થયું છે.**

→ આ રિપોર્ટ વર્લ્ડ બેંક દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો, જે 1995-2018થી 20 વર્ષોના સમયગાળાને કવર કરીને 146 દેશોમાં ધન સર્જન અને વિતરણ માપે છે. વર્લ્ડ બેંકે માનવ મૂડીને 'એક વ્યકિતની જીવનભરની કમાણી' તરીકે પરિભાષિત કરી છે. આ પહેલીવાર બન્યું છે. જેમાં રિપોર્ટમાં બ્લૂ નેચરલ કેપિટલ (મેન્ગ્રૂવ અને સમુદ્રી મત્સ્યપાલન) માપે છે.

❖ **વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા જાહેર તમાકુના ઉપયોગની વ્યાપકતા 2000-2025 અંગેના ગ્લોબલ રિપોર્ટની ચોથી આવૃત્તિ અનુસાર, વૈશ્વિક સ્તરે તમાકુનું સેવન કરનારા લોકોની સંખ્યા 2015માં 1.32 અબજથી ઘટીને 2020માં 1.30 અબજ થઈ ગઈ છે અને 2025 સુધીમાં 1.27 અબજ સુધી ઘટવાનું અનુમાન છે.**

→ વર્તમાનમાં તમાકુના ઉપયોગની વ્યાપકતાને 15 વર્ષ અને તેનાથી વધુ ઉંમરની વસતીના પ્રમાણ તરીકે પરિભાષિત કરવામાં આવી છે. ભારત એવા 60 દેશોમાં સામેલ છે, જે 2025 સુધીમાં તમાકુના ઉપયોગમાં ઘટાડાના લક્ષ્યને હાંસલ કરવાની રાહ પર છે.

→ રિપોર્ટ અનુસાર, 2020માં 22.3 ટકા વસતીએ તમાકુનો ઉપયોગ કર્યો હતો, કુલ પુરુષોમાંથી 36.7 ટકા અને વિશ્વની કુલ મહિલાઓમાંથી 7.8 ટકા મહિલાઓ. ભારત તમાકુનો બીજો સૌથી મોટો ઉપભોકતા અને ઉત્પાદક છે.

❖ **યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP) દ્વારા જાહેર 'ધ સ્ટેટ ઓફ કલાઈમેટ એમ્બિશન, 2021' રિપોર્ટ અનુસાર, નબળા દેશો જળવાયુ સંકટ સામે લડવા માટે સૌથી વધુ પ્રયત્નો કરી રહ્યા છે, જ્યારે સૌથી મોટા ઉત્સર્જક અથવા અમીર દેશ જળવાયુ સંકટ પ્રત્યે ધીમી પ્રતિક્રિયા દેખાડી રહ્યા છે.**

→ નબળો દેશ ઘણીવાર વિશ્વના સૌથી ગરીબ લોકોનું ઘર હોય છે, જે જળવાયુ સંકટની અગ્ર હરોળમાં હોય છે. લીસ્ટ ડેવલપ્ડ કન્ટ્રીઝ (LDC) અને નાના ટાપુ વિકાસશીલ દેશ (SIDS) ના 93 ટકા દેશોએ રાષ્ટ્રીય જળવાયુ પ્રતિજ્ઞાઓને પ્રોત્સાહન આપ્યું હતું, અથવા તેની યોજના બનાવી હતી. LDC અને SIDC નો આ સમૂહ (જેમાં 78 દેશ સામેલ છે) વૈશ્વિક GHG ઉત્સર્જનના 7% માટે જવાબદાર છે. રિપોર્ટમાં ચિલી, ઈરાક, ઉત્તર મેસેડોનિયા, પાપુઆ ન્યૂ ગિની, ઝિમ્બાબ્વે, સોમાલિયા વગેરે સહિત જળવાયુ પ્રતિજ્ઞાઓ અંતર્ગત સમર્થિત દસ દેશોની આશાજનક પહેલો દર્શાવવામાં આવી છે.

❖ **ઈન્ટરનેશનલ મેરીટાઈમ ઓર્ગેનાઈઝેશન (IMO)ના નવા અભ્યાસથી સામે આવ્યું છે કે, ઈન્ટરનેશનલ શિપિંગમાં આ દશક (2030 સુધી)માં ઉત્સર્જનમાં ત્રીજા ભાગનો ઘટાડો કરવો જોઈએ અને 2050થી પહેલાં નેટ ઝીરો ઉત્સર્જનની દિશામાં પ્રયત્નો કરવા જોઈએ.**

→ આ નવો અભ્યાસ કાર્બન બજેટની અવધારણા પર આધારિત છે, જે તાપમાન લક્ષ્યની અંદર ગ્લોબલ વોર્મિંગ જાળવી રાખવા માટે જરૂરી સંચયી કાર્બન ડાયોકસાઈડ ($CO_2$) ઉત્સર્જનની મર્યાદા નિર્ધારિત કરે છે. અમેરિકા અને ઈંગ્લેન્ડ સહિત 14 દેશોએ 2050 સુધીમાં નેટ ઝીરો ઈન્ટરનેશનલ શિપિંગ માટે IMO સાથે કાર્ય કરવાની પ્રતિજ્ઞા પર હસ્તાક્ષર કર્યા છે. આ પહેલનું નેતૃત્વ ડેનમાર્કે કર્યું હતું અને સ્કોટલેન્ડના ગ્લાસગોમાં COP26 સમિટ દરમિયાન તેની ઘોષણા કરવામાં આવી હતી.

❖ **યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ દ્વારા બીટિંગ ધ હીટ : સસ્ટેનેબલ અર્બન કૂલિંગ હેન્ડબુક રિપોર્ટ જણાવે છે કે, જો ગ્લોબલ વોર્મિંગ શરૂ રહ્યું તો શહેરો હોટસ્પોટ બની જશે.**

→ અર્બન હીટ આઈલેન્ડની અસરના કારણે તાપમાન વર્ષ 2100 સુધીમાં સરેરાશ 4 ડિગ્રી સેલ્સિયસ વધી જશે. જો સદીના અંતમાં GHG ઉત્સર્જન ઉચ્ચસ્તર પર ચાલુ જ રહ્યું તો અનેક શહેરો 4 ડિગ્રી સેલ્સિયસ સુધી ગરમ થઈ શકે છે. ઉચ્ચ તાપમાન ઉત્પાદકતા, પાણીની ગુણવત્તાને અસર કરે છે અને વાયુ પ્રદૂષણ વધારે છે. આ રિપોર્ટ COP26 સંમેલન દરમિયાન કૂલ ગઠબંધન, UNEP, RMI, ગ્લોબલ કાવેનન્ટ ઓફ મેયર્સ ફોર કલાઈમેટ એન્ડ એનર્જી (GCoM), મિશન ઈનોવેશન અને કલીન કૂલિંગ કોલાબોરેટિવ દ્વારા લોન્ચ કરવામાં આવ્યો હતો. સ્પેસ કૂલિંગ માટે વૈશ્વિક ઊર્જા જરૂરિયાત 2016માં 2,020 ટેરાવોટ અવર (TWh) થી 300 ટકા વધીને 2050માં 6,200 TWh થવાનું અનુમાન છે. 10 ભારતીય શહેરો પોતાના શહેરના માસ્ટર પ્લાનમાં કૂલિંગને એકીકૃત કરવા માટે UNEP, નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ કાર્બન અફેર્સ (NIUA), RMI અને ભારતના રોયલ ડેનિશ દૂતાવાસ સાથે સહયોગ કરશે.

❖ **બદલાતાં જળવાયુની માઠી અસર મનુષ્યના આરોગ્ય પર પડી રહી હોવાનો પ્રથમ કિસ્સો કેનેડામાં બહાર આવ્યો છે.**

→ કેનેડાની 70 વર્ષની એક મહિલાને જળવાયુમાં પરિવર્તન એટલે કે કલાઈમેટ ચેન્જથી પીડિત પ્રથમ દર્દી માનવામાં આવી રહી છે. આ મહિલાને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે અને લૂ પણ લાગી છે. આ મહિલાની સારવાર કરી રહેલા તબીબોએ તેના તપાસ રિપોર્ટમાં કદાચ પહેલીવાર કલાઈમેટ ચેન્જ શબ્દનો ઉલ્લેખ કર્યો છે.

- ❖ **ભારતનો પ્રથમ LIGO પ્રોજેકટ હિંગોલીમાં શરૂ કરવામાં આવશે.**
  → મહારાષ્ટ્રના હિંગોલી મહેસૂલ વિભાગ દ્વારા ભારતના પ્રથમ લેઝર ઈન્ટરફેરોમીટર ગ્રેવિટેશનલ–વેવ ઓબ્ઝર્વેટરી (LIGO) પ્રોજેકટની સ્થાપના માટે ઔંધા નાગનાથ શહેરના દુધલામાં 225 હેકટર જમીન ફાળવવામાં આવી છે. આ પ્રોજેકટ શરૂ કરવાનું લક્ષ્ય દૂર બ્રહ્માંડમાં પ્રલયકારી ઘટનાઓથી પૃથ્વી પર આવતા ગુરુત્વાકર્ષણ તરંગોનો અભ્યાસ કરવા માટે અને તેના પર પ્રયોગ કરવાનો છે. આ મેગા LIGO–ઈન્ડિયા પ્રોજેકટને ભારત સરકારે 2016માં સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી.
- ❖ **ભારતીય વૈજ્ઞાનિકોની એક ટીમે તાજેતરમાં ગુવાર ગમ અને ચિતોસાનનો ઉપયોગ કરીને એક નવું બાયોડિગ્રેડબલ પોલિમર વિકસાવ્યું છે, જેમાં પેકેજિંગ સામગ્રીની ઉચ્ચ ક્ષમતા મોજૂદ છે.**
  → આ બાયોડિગ્રેડેબલ પોલિમર બિનઝેરી અને પર્યાવરણ મિત્ર છે. ગુવાર ગમ અને ચિતોસાન પોલિસેકેરાઈડ છે જે ગુવાર બીન્સ અને કરચલા તથા ઝીંગામાંથી કાઢવામાં આવે છે. ઉચ્ચ જળ સ્થિરતા, ઉચ્ચ યાંત્રિક શકિત અને કઠોર પર્યાવરણીય પરિસ્થિતિઓ વિરુદ્ધ ઉત્કૃષ્ટ પ્રતિકાર સાથે ફેબ્રિકેટેડ ગુવાર ગમ–ચિતોસાન પરતનો ઉપયોગ પેકેજિંગમાં થઈ શકે છે.
- ❖ **કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન રાજયમંત્રી જનરલ વિજયકુમારસિંહએ તાજેતરમાં આસામના ગુવાહાટીમાં ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી (IIT) ખાતે ડ્રોન/UAV (અનમેન્ડ એરિયલ વેહિકલ) ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અંગે સંશોધનમાં ઉત્કૃષ્ટતા માટે ભારતનું પ્રથમ કેન્દ્ર શરૂ કર્યું છે.**
  → કાર્ગો ડ્રોનનું સમર્થન કરવા 'AXOM ડ્રોન પોર્ટ્સ' પણ લોન્ચ કરાયું હતું, જે અંતરિયાળ ક્ષેત્રોમાં તત્કાળ ચિકિત્સા અને આપાતકાલીન પુરવઠો પહોંચાડે છે.
- ❖ **અમદાવાદ સ્થિત ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (PRL)માં એકસોપ્લાનેટ સર્ચ એન્ડ સ્ટડી ગ્રૂપે નવા એકસોપ્લાનેટની શોધ કરી છે, જે સૂર્યના દ્રવ્યમાનના 1.5 ગણો અને 725 પ્રકાશવર્ષ દૂર સ્થિત એક વિકસિત તારાની નજીક છે.**
  → આ અભ્યાસનું નેતૃત્વ અભિજિત ચક્રવર્તીએ કર્યું હતું. હેનરી ડ્રેપર કેટલોગ અનુસાર, આ તારાને HD82139 નામ આપવામાં આવ્યું અને TESS (ટ્રાન્સિટિંગ એકસ્પ્લોનેટ સર્વે સેટેલાઈટ) કેટલોગ અનુસાર, TIO (TESS ઓબ્જેકટ્સ ઓફ ઈન્ટરેસ્ટ), 1789 નામ આપવામાં આવ્યું છે. તેથી ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ યુનિયન (IAU)ના નામકરણ અનુસાર, આ ગ્રહને TOI 17189b અથવા HD 82139b તરીકે ઓળખવામાં આવે છે.
- ❖ **તાજેતરમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ બાલાસાહેબ ઠાકરેએ મહારાષ્ટ્રના નાગપુરમાં સ્થિત રિજનલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (RFSL)માં ભારતની પ્રથમ રાજ્ય સરકારની માલિકીની વાઈલ્ડલાઈફ DNA ટેસ્ટિંગ એનાલિસિસ લેબોરેટરીનું ઉદ્દ્ઘાટન કર્યું હતું.**
  → આ અવસરે, મુખ્યમંત્રીએ નિર્ભયા યોજના અંતર્ગત મુંબઈ અને પુણેમાં 3 ફાસ્ટટ્રેક DNA ટેસ્ટિંગ યુનિટનો પણ શુભારંભ કર્યો હતો. વર્તમાનમાં દેહરાદૂન અને હૈદરાબાદમાં 2 વાઈલ્ડલાઈફ DNA ટેસ્ટિંગ લેબોરેટરી છે, જે સંપૂર્ણપણે કેન્દ્ર સરકારની માલિકીની છે, જ્યારે તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલી લેબોરેટરી રાજ્ય સરકારની માલિકીની પ્રથમ છે.

## રમત–જગત, નિમણૂંક, વ્યકિત, પુસ્તક, નિધન

- ❖ **મુશ્તાકઅલી T20 ટ્રોફીમાં કર્ણાટકને હરાવી તમિલનાડુ ત્રીજીવાર ચેમ્પિયન બન્યું.**
  → મેન ઓફ ધ મેચ શાહરૂખ ખાનને જાહેર કર્યો. આ ફાઈનલ મેચ અરૂણ જેટલી સ્ટેડિયમ ખાતે યોજાય હતી.
- ❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનેટની નિયુકિત સમિતિ (ACC)એ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર શકિતકાંત દાસનો કાર્યકાળ 3 વર્ષ એટલે કે ડિસેમ્બર 2024 સુધી લંબાવવાને મંજૂરી આપી છે.**
  → શકિતકાંત દાસને 12 ડિસેમ્બર, 2018 થી 3 વર્ષ માટે RBI ના 25મા ગવર્નર નિયુકત કરવામાં આવ્યા હતા.
- ❖ **ગુજરાત કેડરના IPS અધિકારી અતુલ કરવાલને તાજેતરમાં નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF)ના નવા ડાયરેકટર જનરલ નિયુકત કરવામાં આવ્યા છે.**
  → ISP અતુલ કરવાલ વર્તમાનમાં હૈદરાબાદમાં સરદાર વલ્લભભાઈ પટેલ નેશનલ પોલીસ એકેડમીના ડાયરેકટર તરીકે સેવા આપી રહ્યા છે. કેબિનેટની નિમણૂક સમિતિ (ACC)ના સચિવાલયે બે વર્ષની અવધિ માટે પદને કામચલાઉ રીતે ડાયરેકટર જનરલ (DG)ના સ્તરે અપગ્રેડ કરીને કરવાની નિયુકિતને પુષ્ટિ આપી હતી. વધુ એક મોટી અને મહત્વની નિમણૂકમાં IPS શીલ વર્ધનસિંહને સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિકયોરિટી ફોર્સ (CISF)ના નવા DG નિયુકત કરાયા હતા.
- ❖ **વરિષ્ઠ IPS ઓફિસર સત્યનારાયણ પ્રધાન (S.N.પ્રધાન) ને નાર્કોટિકસ કન્ટ્રોલ બ્યૂરો (NCB)ના ડાયરેકટર જનરલ નિયુકત કરાયા છે.**
  → S.N. પ્રધાનને 31 ઓગસ્ટ, 2024ના રોજ તેમની નિવૃત્તિ અથવા વધુ આદેશો સુધી નિમણૂક અપાઈ છે. S.N. પ્રધાન ઝારખંડ કેડરના 1988ની બેચના IPS અધિકારી છે. તેઓ ઓડિશાના વતની છે.
- ❖ **સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટ ટેકસીસ (CBDT)ના પૂર્વ અધ્યક્ષ PC મોદીને 1 વર્ષના કાર્યકાળ માટે રાજયસભાના મહાસચિવ નિયુકત કરવામાં આવ્યા છે.**
  → PC મોદીએ PPK રામાચાર્યુલુનુ સ્થાન લીધું છે. PC મોદીની નિયુકિત રાજયસભાના સભાપતિ એમ. વેન્કૈયા નાયડુએ કરી છે. PPK રામાચાર્યુલુને 1 વર્ષના કાર્યકાળ માટે રાજ્યસભા સચિવાલયમાં સલાહકાર નિયુકત કરાયા છે.
- ❖ **તાજેતરમાં ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)ના કાયમી મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) તરીકે જ્યોફ અલાર્ડિસ (ઓસ્ટ્રેલિયા)ને નિયુકત કરવામાં આવ્યા છે.**
  → જ્યોફ અલાર્ડિસે મનુ સાહનીનનું સ્થાન લીધું છે.

- **નાયકાના સ્થાપક અને CEO ફાલ્ગુની નાયર 10 નવેમ્બર, 2021ના ભારતના 7મા મહિલા અબજપતિ અને સૌથી અમીર સેલ્ફ–મેડ અબજપતિ બની ગયા છે.**
  - → બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, ફાલ્ગુની નાયરની નેટવર્થ નાયકાની પેરન્ટ કંપની FSN ઈ–કોમર્સ વેન્ચર્સના શેર્સ નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE)માં રૂ. 2,018 અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) ખાતે રૂા. 2,001ના ભાવે લિસ્ટ થતાંની સાથે જ 6.5 અબજ ડોલર થઈ ગઈ હતી. નાયકાના IPO લિસ્ટિંગની માત્ર પાંચ જ મિનિટમાં તેનું માર્કેટ કેપ 1 ટ્રિલિયન રૂપિયા (13.5 અબજ ડોલર) થઈ ગયું હતું.
  - → નાયકાના IPO બાદ ફાલ્ગુની નાયર ભારતના 7મા મહિલા અબજપતિ અને સૌથી ધનવાન સેલ્ફ–મેડ (આપબળે બનેલા) મહિલા અબજપતિ બની ગયા છે.
- **ગુજરાતી રંગભૂમિના વરિષ્ઠ કલા નિર્દેશક (આર્ટ ડાયરેકટર) પરેશભાઈ દરૂ (છેલ–પરેશની બેલડીવાળા) 87 વર્ષની વયે નિધન થયું.**
  - → ગુજરાતી રંગભૂમિ અને અનેક હિન્દી–ગુજરાતી ફિલ્મો તેમજ ટીવી સીરિયલ્સમાં નિર્માતા, નિર્દેશકો, લેખકો, અભિનેતાઓની પેઢીઓ બદલાતી થઈ પણ આર્ટ ડાયરેકટર તરીકે છેલ–પરેશની જોડી 50 થી વધુ વર્ષોથી અણનમ રહી હતી.
- **ભારતીય શૂટરોએ પોલેન્ડના વ્રોકલામાં આયોજિત ઈન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ ફેડરેશન (ISSF) પ્રેસિડેન્ટ્સ કપની ઉદ્‌ઘાટન આવૃત્તિમાં 5 મેડલ (2 ગોલ્ડ, 2 સિલ્વર અને 1 બ્રોન્ઝ) જીત્યા છે.**
  - → ભારતીય શૂટર મનુ ભાકરે મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં ISSF પ્રેસિડેન્ટ્સ કપના ઉદ્‌ઘાટનમાં 2 ગોલ્ડ જીત્યા છે. મનુ ભાકરે 25 મીટર રેપિડ ફાયર પિસ્તોલ મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં તુર્કીની વર્લિડ સાથેની ભાગીદારીમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો તથા 10 મીટર એર પિસ્તોલ મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ જીતવા માટે ઈરાનના જવાદ ફોરોફી સાથે પણ ભાગીદારી કરી હતી.
- **ભારતીય પહેલવાનોએ સર્બિયાના બેલગ્રેડમાં આયોજિત U23 વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપ (WWC) 2021માં 5 મેડલ જીત્યા છે.**
  - → 2021ના U23 WWCમાં કુલ મેડલ ટેલીમાં રશિયા 145 અંકો સાથે ટોચ પર રહ્યું છે. ત્યારબાદ ઈરાન અને આર્મેનિયા બીજા અને ત્રીજા સ્થાને છે.
- **ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ 2024-2031 સુધી ICC પુરુષોની વ્હાઈટ બોલ સ્પર્ધાઓના 14 આયોજક દેશોની ઘોષણા કરી**
  - → ભારત 2029માં ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન કરવા અને શ્રીલંકા સાથે 2026 ICC મેન્સ T20 વર્લ્ડ કપ અને બાંગ્લાદેશ સાથે 2031 ICC મેન્સ 50 ઓવર વર્લ્ડ કપનું સહ–આયોજન કરવા માટે તૈયાર છે.

## એવોર્ડ, પુરસ્કાર

- **દક્ષિણ આફ્રિકાના નાટયકાર તથા નવલકથાકાર ડેમોન ગેલગટને 3 નવેમ્બર, 2021ના રોજ તેમની નવલકથા 'ધ પ્રોમિસ' બદલ વર્ષ 2021ના બુક પ્રાઈઝથી સન્માનિત કરાયા છે.**
  - → 'ધ પ્રોમિસ' આ વર્ષના બુકર પ્રાઈઝ માટે શોર્ટલિસ્ટ કરાયેલી 6 નવલકથાઓ પૈકીની એક હતી અને તેની કલાત્મકતા તથા ગુંજાશ માટે નોખી તરી આવતી હતી. આ સાથે ડેમોન ગેલગટ 1999 પછી બુકર પ્રાઈઝ જીતનારા દક્ષિણ આફ્રિકાના પ્રથમ લેખક સાહિત્યકાર છે.
  - → બુકર પ્રાઈઝ 1969થી વાર્ષિક ધોરણે અંગ્રેજી ભાષામાં લિખિત તથા આયર્લેન્ડ કે બ્રિટનમાં પ્રકાશિત શ્રેષ્ઠ નવલકથાને પ્રદાન કરાય છે. પુરસ્કારસ્વરૂપે 50 હજાર પાઉન્ડ મળે છે.
- **જમ્મુ અને કાશ્મીરની કલા અને હસ્તકલાને પ્રાપ્ત એક મોટી માન્યતામાં 8 નવેમ્બર, 2021ના તેની રાજધાનીનું શહેર શ્રીનગર હસ્તકલા અને લોકકલા શ્રેણી અંતર્ગત યુનેસ્કોના ક્રિયેટિવ સિટીઝ નેટવર્ક (રચનાત્મક શહેરોના નેટવર્ક)માં જોડાયું છે.**
  - → આ સાથે શ્રીનગર આ માન્યતા પ્રાપ્ત કરનારૂં ભારતનું છઠ્ઠું શહેર બની ગયું છે.
  - → યુનેસ્કો ક્રિયેટિવ સિટીઝ નેટવર્કમાં સામેલ અન્ય ભારતીય શહેરો :
    - ⇒ જયપુર – હસ્તકલા અને લોકકલા (2015)
    - ⇒ વારાણસી – સંગીતનું રચનાત્મક શહેર (2015)
    - ⇒ ચેન્નાઈ – સંગીતનું રચનાત્મક શહેર (2017)
    - ⇒ મુંબઈ – ફિલ્મ (2019)
    - ⇒ હૈદરાબાદ – પાકકલા (2019)
  - → યુનેસ્કોનું ક્રિયેટિવ સિટીઝ નેટવર્ક (UCCN) ની શરૂઆત વર્ષ 2004માં થઈ હતી. UCCNનો ઉદ્દેશ એ શહેરો વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપવાનો છે જે રચનાત્મકતાને પોતાની શહેરી વિકાસમાં એક રણનીતિક પરિબળ તરીકે ઓળખતા હોય. સતત વિકાસ લક્ષ્ય–11નો ઉદ્દેશ સતત શહેરો અને સમુદાયો સાથે સંબંધિત છે. નેટવર્કમાં સાત રચનાત્મક ક્ષેત્રો હસ્ત અને લોકકલા, મીડિયા કલા, ફિલ્મ, ડિઝાઈન, પાકકલા, સાહિત્ય અને સંગીતનો સમાવેશ થાય છે.
- **21 નવેમ્બર, 2021ના વર્લ્ડ ફિશરીઝ ડેના અવસરે ઓડિશાના બાલાસોર જિલ્લાને ભારતના શ્રેષ્ઠ મરીન જિલ્લાનો એવોર્ડ પ્રાપ્ત થયો હતો.**
  - → પુરસ્કાર સમારોહ મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી ઉદ્યોગ મંત્રાલય દ્વારા યોજવામાં આવ્યો હતો. કેન્દ્રીય મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી ઉદ્યોગ મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ ઓડિશા સરકારના મત્સ્યપાલન વિભાગના ડાયરેકટર સ્મૃતિ રંજન પ્રધાનને પુરસ્કાર પ્રદાન કર્યો હતો. વિશ્વ મત્સ્ય દિવસ, 2021નો પુરસ્કાર સમારોહ કન્વેન્શન સેન્ટર, ઓડિશા સચિવાલય, ભુવનેશ્વરમાં યોજાયો હતો. ભારત સરકારે વિશ્વ મત્સ્ય દિવસ, 2020ના અવસરે પહેલીવાર મત્સ્યપાલન ક્ષેત્રમાં પુરસ્કારોની સુવિધા પ્રદાન કરી છે.
  - → સર્વશ્રેષ્ઠ સમુદ્રી રાજ્ય – આંધ્ર પ્રદેશ, સર્વશ્રેષ્ઠ આંતરદેશીય રાજ્ય – તેલંગાણા, સર્વશ્રેષ્ઠ પહાડી અને નોર્થઈસ્ટ રાજ્ય – ત્રિપુરા

- **ભારતીય સૈન્યના બે અધિકારીઓ લેફ્ટનન્ટ કર્નલ અમિત બિષ્ટને યુવા બાબતો અને રમતગમત મંત્રાલયે તાજેતરમાં પ્રતિષ્ઠિત 'તેનઝિંગ નોર્ગે નેશનલ એડવેન્ચર એવોર્ડ', 2020થી સન્માનિત કર્યા છે.**
  - → તેનઝિંગ નોર્ગે નેશનલ એડવેન્ચર એવોર્ડ ભારતમાં સર્વોચ્ચ એડવેન્ચર સ્પોર્ટ્સ સન્માન છે, જે વાર્ષિક ધોરણે યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા પ્રદાન કરાય છે. સેના મેડલ વિજેતા ભારતીય સૈન્ય અફસર કર્નલ અમિત બિષ્ટને તેમની જમીની પ્રવૃત્તિઓ બદલ તેનઝિંગ નોર્ગે નેશનલ એડવેન્ચર એવોર્ડ, 2020થી નવાજવામાં આવ્યા છે.
  - → ધ તેનઝિંગ નોર્ગે નેશનલ એડવેન્ચર એવોર્ડ ભારતમાં સર્વોચ્ચ સાહસિક ખેલકૂદ સન્માન છે. એવોર્ડ સ્વરૂપે તેનઝિંગ નોર્ગેની કાંસ્ય પ્રતિમા અને રૂ.5 લાખનું રોકડ ઈનામ અપાય છે.
  - → મહારાષ્ટ્રની 28 વર્ષીય પર્વતારોહી પ્રિયંકા મંગેશ મોહિતે દુનિયાનું 10મું સૌથી ઊંચું પર્વત શિખર અન્નપૂર્ણા સર કરનારી પ્રથમ ભારતીય મહિલા છે. વર્ષ 2018માં 16 વર્ષની શિવાંગી પાઠક માઉન્ટ એવરેસ્ટના શિખરે પહોંચનારી સૌથી નાની વયની ભારતીય મહિલા બની હતી.
- **ગૃહ મંત્રાલય દ્વારા જારી 2021 માટે ભારતના ટોપ 10 પોલીસ સ્ટેશનોની વાર્ષિક યાદીમાં દિલ્હીનું સદર બજાર પોલીસ સ્ટેશન ટોચના સ્થાને છે.**
  - → ગંજમ, ઓડિશાના ગંગાપુર પોલીસ સ્ટેશનને બીજું સર્વશ્રેષ્ઠ પોલીસ સ્ટેશન અને હરિયાણાના ભટ્ટુકલાં પોલીસ સ્ટેશન (ફતેહાબાદ)ને ત્રીજું સર્વશ્રેષ્ઠ પોલીસ સ્ટેશન ઘોષિત કરવામાં આવ્યું છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે લખનઉ (ઉત્તર પ્રદેશ)માં ઈન્ટેલિજન્સ બ્યૂરો (IB) દ્વારા આયોજિત પોલીસ મહાનિદેશક (DGP) સંમેલનમાં ટોપ 3 સ્ટેશનોના સ્ટેશન હાઉસ અધિકારીઓ (SHO)ને ટ્રોફી પ્રદાન કરી હતી.
  - → પ્રથમ : મણિપુરના થૌબલ જિલ્લામાં નોંગપોક સેકમાઈ પોલીસ સ્ટેશન<br>દ્વિતીય : તમિલનાડુના સલેમ શહેરમાં AWPS - સુરમંગલમ્ પોલીસ સ્ટેશન<br>તૃતીય : અરુણાચલ પ્રદેશના ચાંગલાંગ જિલ્લામાં ખરસાંગ પોલીસ સ્ટેશન
- **ઓકસફોર્ડ ઈંગ્લિશ ડિકશનરીનો વર્ષ 2021નો શબ્દ 'વેકસ' છે.**
  - → 'વેકિસન' અથવા 'વેકિસનેશન' ને સંદર્ભિત કરનારો શબ્દ 'વેકસ' અવારનવાર સમાચારો તથા અન્ય મીડિયામાં કોઈપણ અન્ય શબ્દથી વધુ જોવા મળ્યો હોવાથી વર્ષ 2021ના શબ્દ તરીકે તેની પસંદગી કરાઈ છે. લેકિસકોગ્રાફર્સે વર્ષ 2021ના ઓકસફોર્ડ શબ્દ તરીકે 'વેકસ'ની પસંદગી પર આવવા માટે અંગ્રેજી ભાષાના કોર્પસ ડેટામાં ખાસ્સું ખેડાણ કર્યું હતું.
- **બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (BRO)એ કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખમાં 19,024 ફૂટ 0.73 ઈંચ (5798.251 મીટર) ઊંચાઈએ ઉંમલિંગલા પાસથી પસાર થનારા વિશ્વના સૌથી ઊંચા મોટરેબલ માર્ગના નિર્માણ અને બ્લોકટોપિંગ માટે ગિનીસ વર્લ્ડ રેકોર્ડ (GWR) પ્રાપ્ત કર્યો છે.**
  - → 52 કિ.મી. લાંબા ચિસુમલેથી ડેમચોક સડક માર્ગને BROના પ્રોજેકટ HIMANK (93RCC/753 BRTF) અંતર્ગત વિકસિત કરવામાં આવ્યો હતો.
- **ફ્રાન્સના ખગોળ ભૌતિકીવિદ્ અને બ્રહ્માંડ વિજ્ઞાની જીન–પિયરે લ્યુમિનેટને વિભિન્ન મીડિયાના માધ્યમથી વૈજ્ઞાનિક સંશોધનને પ્રોત્સાહન આપીને વિજ્ઞાનને લોકપ્રિય બનાવવા માટે વર્ષ 2021નો યુનેસ્કો કલિંગ પુરસ્કાર પ્રદાન કરાયો છે.**
  - → 1951માં સ્થાપિત વિજ્ઞાનની લોકપ્રિયતા માટેનો UNESCO કલિંગ પુરસ્કાર યુનેસ્કોનો સૌથી જૂનો પુરસ્કાર છે. ભારતમાં કલિંગ ફાઉન્ડેશન ટ્રસ્ટના સંસ્થાપક અને અધ્યક્ષ બિજોયાનંદ પટનાયકે આપેલા દાન બાદ આ પુરસ્કારની સ્થાપના કરાઈ છે. વર્તમાનમાં પુરસ્કાર કલિંગ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ઓડિશા સરકાર અને વિજ્ઞાન તથા ટેકનોલોજી વિભાગ, ભારત સરકારના ભંડોળ થકી પ્રદાન કરાય છે.
- **એશિયા પેસિફિક બ્રોડકાસ્ટિંગ યુનિયન (ABU) – યુનેસ્કો શાંતિ મીડિયા પુરસ્કાર, 2021 મલેશિયાના કુઆલાલમ્પુર ખાતે એનાયત કરાયા છે.**
  - → આ એવોર્ડ સમારંભમાં દૂરદર્શન અને ઓલ ઈન્ડિયા રેડિયોને ઘણા પુરસ્કારો એનાયત થયા હતા. આ પુરસ્કારોએ વિશ્વ સમક્ષ ગુણવત્તાયુકત સામગ્રી નિર્માણ, ટીવી શો અને રેડિયો શોમાં પ્રસાર ભારતીની શ્રેષ્ઠતા દર્શાવી હતી.
  - → દૂરદર્શનના કાર્યક્રમ 'ડેફિનેટલી લીડિંગ ધ વે'ને 'લિવિંગ વેલ વિથ સુપર ડાઈવર્સિટી' શ્રેણીમાં પુરસ્કાર એનાયત થયો હતો. ઓલ ઈન્ડિયા રેડિયોના કાર્યક્રમ 'લિવિંગ ઓન ધ એજડ–ધ કોસ્ટલ લાઈવ્સ'ને એથિકલ એન્ડ સસ્ટેનેબલ રિલેશનશિપ વિથ નેચર' શ્રેણીમાં પુરસ્કાર એનાયત થયો હતો. આ પુરસ્કારો ABUના સહયોગથી 'ટુગેધર ફોર પીસ' (T4P) નામની પહેલ હેઠળ યુનેસ્કો દ્વારા એનાયત કરાયા છે. આ સ્પર્ધા ટીવી, રેડિયો અને ડિજિટલ પ્લેટફોર્મ માટે હતી.
- **રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે 23 નવેમ્બર, 2021ના ગેલેન્ટ્રી એવોર્ડ્સ, 2021 પ્રદાન કર્યા હતા.**
  - → આ વીરતા પુરસ્કારો ભારતીય જવાનોને રાષ્ટ્રીય સેવા અને શત્રુ વિરુદ્ધના યુદ્ધમાં તેમના બલિદાનને સન્માનિત કરવા માટે એનાયત કરાય છે. ગેલેન્ટ્રી એવોર્ડ્સમાં વીર ચક્ર, શૌર્ય ચક્ર, કીર્તિ ચક્ર વગેરેનો સમાવેશ થાય છે. બાલાકોટ એરસ્ટ્રાઈકના એક દિવસ બાદ 27 ફેબ્રુઆરી, 2019ના હવાઈ યુદ્ધ દરમિયાન પાકિસ્તાનનું F-16 યુદ્ધવિમાન તોડી પાડનારા પરાક્રમી ગ્રૂપ કેપ્ટન અભિનંદન વર્ધમાનને વીર ચક્રથી અલંકૃત કરાયા છે. ભારતીય વાયુસેનાના વડા એર ચીફ માર્શલ વિવેક આર. ચૌધરીને રાષ્ટ્રપતિએ પરમ વિશિષ્ટ સેવા મેડલથી નવાજ્યા હતા.
  - → પ્રતિષ્ઠિત વીર ચક્ર ગેલેન્ટ્રી મેડલ દેશનો યુદ્ધકાળનો ત્રીજા ક્રમનો સર્વોચ્ચ મેડલ છે. બીજી તરફ, પરમવીર ચક્ર આ ક્રમમાં સર્વોચ્ચ સન્માન છે. વીર ચક્ર એવોર્ડની સ્થાપના 26 જાન્યુઆરી, 1950ના ભારતના રાષ્ટ્રપતિએ કરી છે.
- **DRDO ના અધ્યક્ષ ડો.જી.સતીષ રીને એસ્ટ્રોનોટિકલ સોસાયટી ઓફ ઈન્ડિયા (ASI) દ્વારા ભારતમાં અવકાશયાત્રીઓના પ્રચારમાં તેમના ઉત્કૃષ્ટ જીવનકાળ યોગદાન બદલ પ્રતિષ્ઠિત 'આર્યભટ્ટ પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યા છે.**
  - → પુરસ્કાર સમારોહ ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO), DRDO અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિભાગીઓ સાથે UR રાવ સેટેલાઈટ સેન્ટર, બેંગલુરુ (કર્ણાટક)માં આયોજિત કરવામાં આવ્યો હતો. આર્યભટ્ટ પુરસ્કાર સ્ટ્રેટેજિક અને ટેકિટકલ મિસાઈલ સિસ્ટમ જેવી મહત્વપૂર્ણ સંરક્ષણ ટેકનોલોજીમાં દેશને આત્મનિર્ભર બનાવવામાં તેમના યોગદાન બદલ આપવામાં આવે છે.

- **જર્મન પુસ્તક પ્રકાશકો અને પુસ્તક વિક્રેતાઓના એક સંઘ Borsenverein des Deutschen Buchhande's એ ઝિમ્બાબ્વેના લેખિકા અને ફિલ્મ નિર્માત્રી ત્સીત્સી ડાંગારેમ્બાને 'ન્યૂ એનલાઈટમેન્ટ' (તેના દેશ અને વિશ્વભરમાં હિંસા પરના કાર્ય) માટે 2021 જર્મન બુક ટ્રેડના શાંતિ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. તેઓ જર્મન શાંતિ પુરસ્કાર જીતનારી પ્રથમ અશ્વેત મહિલા છે.**
- **દેશની સૌથી મોટી લોહ અયસ્ક ઉત્પાદક અને સ્ટીલ મંત્રાલય અંતર્ગત નવરત્ન CPSE નેશનલ મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NMDC)ને સ્થિરતા શ્રેણીમાં 'ગોલ્ડ એવોર્ડ' મળ્યો છે અને NMDCની કુમારસ્વામી લોહ અયસ્ક ખાણને પર્યાવરણ વ્યવસ્થાપન શ્રેણીમાં પ્લેટિનમ પુરસ્કાર મળ્યો છે.**
  - → NMDCની પસંદગી ઉત્પાદન પ્રોજેકટોમાં સતત વિકાસ લક્ષ્યો અને પર્યાવરણ પહેલોના અમલીકરણમાં યોગદાનના આધારે પુરસ્કારો માટે કરાઈ છે. આ પુરસ્કાર સમારોહનું આયોજન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન (એક કામ દેશ કે નામનું એક એકમ) દ્વારા દેહરાદૂન (ઉત્તરાખંડ)માં 10માં સંમેલનમાં કરવામાં આવ્યું હતું.
- **ભારતના પૂર્વ બેડમિન્ટન ખેલાડી પ્રકાશ પાદુકોણને બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન (BWF) દ્વારા લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ, 2021થી સન્માનિત કરવામાં આવ્યા છે.**
  - → તેઓ 1980માં વિશ્વના નંબર 1 ખેલાડી અને ભારતના પ્રથમ વિશ્વ ચેમ્પિયનશિપ મેડલ વિજેતા છે. આ ઉપરાંત ઉત્તરાખંડના બેડમિન્ટન સંઘના અધ્યક્ષ અલકનંદા અશોકને મહિલા અને લિંગ સમાનતા પુરસ્કાર, 2021 એનાયત થશે. તેઓ બેડમિન્ટન પ્રશાસન સાથે સંકળાયેલા છે. સનરાઈઝ સ્પોર્ટ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ અને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડને બેડમિન્ટનને સમર્થન આપવા માટે પ્રશસ્તિ પ્રમાણપત્ર (CoC) આપવામાં આવ્યું.
- **મલયાલમ લેખક એમ. મુકુંદનની નવલકથા 'દિલ્હી : એ સોલિલોકી' (જેનો મલયાલમમાંથી અંગ્રેજીમાં અનુવાદ ફાતિમા EV અને નંદકુમાર કે. દ્વારા કરવામાં આવ્ય છે) એ વેસ્ટલેન્ડ દ્વારા પ્રકાશિત સાહિત્ય માટે 25 લાખ રૂપિયા સહિતનો JCB પુરસ્કાર જીત્યો છે.**
  - → આ પુસ્તક ભારતની રાજધાની દિલ્હી પર કેન્દ્રીત છે. રોકડ પુરસ્કાર સિવાય મુકુંદને દિલ્હીની કલાકાર જોડી ઠુકરાલ અને ટાગરા દ્વારા બનાવવામાં આવેલી ટ્રોફી પણ જીતી છે, જેનું શીર્ષક 'મિરર મેલ્ટિંગ' છે. આ ત્રીજું એવું અનુવાદન છે જેને JCB પ્રાઈઝ મળી ચૂકયુ છે.
  - → JCB પુરસ્કારની શરૂઆત વર્ષ 2008થી થઈ હતી. આ પુરસ્કારમાં લેખકને 25 લાખ રૂપિયાનો રોકડ પુરસ્કાર આપવામાં આવે છે અને અનુવાદકોને 10 લાખ રૂપિયા આપવામાં આવે છે. સાહિત્ય માટેના JCB પુરસ્કાર માટે પસંદ કરાયેલા લેખકોને 1 લાખ રૂપિયા અને તેના અનુવાદકો (જો હોય તો)ને 50,000 રૂપિયા મળે છે.
- **આરોગ્ય ક્ષેત્રની વિશિષ્ટ કામગીરી માટે ડો. દીપલ જોષીને 'મહિલા શકિત એવોર્ડ'થી સન્માનિત કરાયા છે.**
  - → તેઓ ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના ભૂંભલી ખાતે મેડિકલ ઓફિસર તરીકે સેવા આપી રહ્યા છે. રાજ્ય મહિલા આયોગ દ્વારા ગાંધીનગર જિલ્લાના કલોક ખાતે યોજાયેલા કાર્યક્રમમાં તેમને આ એવોર્ડ એનાયત કરાયો હતો. ગુજરાત રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષ લીલાબહેન અંકોલિયા અને રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ રેખા શર્માના હસ્તે એવોર્ડ અપાયો હતો.
- **રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે 20 નવેમ્બર, 2021ના નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા સ્વચ્છ ભારત મિશન અર્બન 2.0ના ભાગરૂપે આયોજિત સ્વચ્છ અમૃત મહોત્સવ ખાતે દેશના 342 સૌથી સ્વચ્છ શહેરોને પુરસ્કારો એનાયત કર્યા હતા.**
  - → વર્ષ 2016માં આયોજિત પ્રથમ સ્વચ્છ સર્વેક્ષણમાં કુલ 73 શહેરોને સામેલ કરાયા હતા. વર્ષ 2021માં યોજાયેલા છઠ્ઠા સ્વચ્છ સર્વેક્ષણમાં 4,320 શહેરોએ ભાગ લીધો હતો, જેમાં 5 કરોડથી અધિક નાગરિકોએ પ્રતિભાવો આપ્યા હતા.
  - → સ્વચ્છ સર્વેક્ષણ, 2021ની શ્રેણીઓ :
    - ⇒ 1 લાખથી ઓછી વસતી : મહારાષ્ટ્રના વીટા, લોનાવાલા અને સાસવડ શહેર ક્રમશઃ પ્રથમ, દ્વિતીય અને તૃતીય સૌથી સ્વચ્છ શહેર બન્યા.
    - ⇒ 1 લાખથી વધુ વસતી : સતત 5મા વર્ષે ઈન્દોર (મધ્યપ્રદેશ)ને સ્વચ્છ સર્વેક્ષણ હેઠળ ભારતના સૌથી સ્વચ્છ શહેરના ખિતાબથી નવાજવામાં આવ્યું, જ્યારે સુરત (ગુજરાત) અને વિજયવાડા (આંધ્ર પ્રદેશ)ને ક્રમશઃ બીજું અને ત્રીજું સ્થાન પ્રાપ્ત થયું.
    - ⇒ ભારતના 'ડાયમંડ સિટી' સુરતે સતત બીજા વર્ષે બીજું સ્થાન મેળવ્યું છે.
    - ⇒ મધ્યપ્રદેશનું હોશંગાબાદ 1 લાખથી અધિક વસતી ધરાવતા શહેરોની શ્રેણીમાં, 'સૌથી ઝડપી ગતિમાન શહેર' તરીકે ઉભર્યું હતું અને તેણે 100 શહેરોમાં 87મું સ્થાન હાંસલ કર્યું હતું.
    - ⇒ અન્ય કેટેગરીઓમાં વારાણસી 'બેસ્ટ ગંગા ટાઉન' જાહેર થયું હતું જ્યારે તેની પછી બિહારના મુંગેર અને પટણા બીજા અને ત્રીજા ક્રમે છે જ્યારે સૌથી સ્વચ્છ છાવણીમાં અમદાવાદ છાવણી ભારતની સૌથી સ્વચ્છ છાવણી ઘોષિત થઈ હતી. તેની પછી બીજા ક્રમે મેરઠ છાવણી અને ત્રીજા સ્થાને દિલ્હી છાવણી રહી હતી.
    - ⇒ 100 થી અધિક શેહરી સ્થાનિક સંસ્થાનો ધરાવતા રાજ્યોની કેટેગરીમાં છત્તીસગઢને સળંગ ત્રીજા વર્ષે ભારતના સૌથી સ્વચ્છ રાજ્ય તરીકે સન્માનિત કરાયું છે.
    - ⇒ 100 થી ઓછી શહેરી સ્થાનિક સંસ્થાઓ ધરાવતા રાજ્યોની શ્રેણીમાં ઝારખંડે બીજીવાર ભારતના સૌથી સ્વચ્છ રાજ્યનો પુરસ્કાર જીત્યો છે.
    - ⇒ આ રિપોર્ટ અનુસાર, TOP-20માં ગુજરાતના 4 શહેરોનો સમાવેશ થાય છે. જે મુજબ સુરત બીજા ક્રમે, વડોદરા આઠમા ક્રમે, અમદાવાદ દસમાં ક્રમે અને રાજકોટ અગિયારમાં ક્રમે છે.
    - ⇒ કર્ણાટક 100થી વધુ સ્થાનિક શહેરી સંસ્થાઓવાળા રાજ્યોની કેટેગરીમાં સૌથી ઝડપી ગતિશીલ રાજ્ય તરીકે ઉભર્યું હતું જ્યારે મિઝોરમે 100 થી ઓછી શહેરી સ્થાનિક સંસ્થાઓ ધરાવતા રાજ્યોની શ્રેણીમાં સૌથી ઝડપી ગતિશીલ શહેરનો દરજ્જો મેળવ્યો હતો.
  - → સફાઈમિત્ર સુરક્ષા ચેલેન્જ અંતર્ગત ટોચના પરફોર્મર શહેરોમાં ઈન્દોર, નવી મુંબઈ, નેલ્લોર અને દેવાસનો સમાવેશ 246 પ્રતિસ્પર્ધી શહેરોમાં વિવિધ વસતી શ્રેણીઓ અંતર્ગત કરાયો છે, જ્યારે શીર્ષ પરફોર્મર રાજ્યો છત્તીસગઢ અને ચંડીગઢ છે.

→ સ્વચ્છ સર્વેક્ષણ, 2021 અંતર્ગત એક નવી પ્રદર્શન શ્રેણી શરૂ કરાઈ છે જેમાં પાંચ શહેરો–ઈન્દોર (મ.પ્ર.), સુરત (ગુજરાત), નવી મુંબઈ (મહારાષ્ટ્ર), નવી દિલ્હી નગરનિગમ પરિષદ (નવી દિલ્હી) અને તિરુપતિ (આંધ્રપ્રદેશ)ને દિવ્ય (પ્લેટિનમ) તરીકે વર્ગીકૃત કરાયા છે.

→ ભારતમાં નવ ફાઈવ–સ્ટાર રેટેડ કચરા મુકત શહેરો :– ઈન્દોર, સુરત, નવી દિલ્હી મ્યુનિસિપલ કાઉન્સિલ, નવી મુંબઈ, અંબિકાપુર, મૈસુરુ, નોઈડા, વિજયવાડા અને પટણા.

→ સ્વચ્છ સર્વેક્ષણ, 2021માં મહારાષ્ટ્રે કોઈપણ રાજ્ય કરતાં સૌથી વધુ 92 પુરસ્કારો જીત્યા છે. તેની પછીનો બીજો ક્રમ 67 પુરસ્કારો સાથે છત્તીસગઢનો છે. સર્વેમાં કુલ 9 શહેરોને ગાર્બેજ ફ્રી સિટીઝની કેટેગરીમાં ફાઈવ સ્ટાર રેટિંગ પ્રાપ્ત થયું છે.

## મહત્વના દિવસો

- **20 નવેમ્બર, 2021 : વિશ્વ બાળ દિવસ**
  – થીમ : એ બેટર ફયુચર ફોર એવરી ચાઈલ્ડ
- **18 થી 24 નવેમ્બર : વર્લ્ડ એન્ટિમાઈક્રોબાયલ અવેરનેસ વીક – (વિશ્વ રોગાણુરોધી જાગરૂકતા સપ્તાહ)**
  – થીમ : સ્પ્રેડ અવેરનેસ, સ્ટોપ રેઝિસ્ટન્સ
- **21 નવેમ્બર, 2021 : વિશ્વ મત્સ્ય દિવસ**
- **21 નવેમ્બર, 2021 : માર્ગ વાહનવ્યવહારના પીડિતો માટે સંયુકત રાષ્ટ્રનો વિશ્વ સ્મરણ દિવસ**
  – થીમ : રિમેમ્બર. સપોર્ટ. એકટ
- **21 નવેમ્બર, 2021 : વર્લ્ડ ટેલિવિઝન ડે**
- **25 નવેમ્બર, 2021 : મહિલાઓ વિરુદ્ધની હિંસાની નાબૂદીનો આંતરરાષ્ટ્રીય દિવસ**
  – થીમ : ઓરેન્જ ધ વર્લ્ડ : એન્ડ વાયોલન્સ અગેઈન્સ્ટ વુમન નાઉ !
- **26 નવેમ્બર, 2021 : નેશનલ મિલ્ક ડે**
- **26 નવેમ્બર, 2021 : રાષ્ટ્રીય સંવિધાન દિવસ**
- **27 નવેમ્બર, 2021 : રાષ્ટ્રીય અંગદાન દિવસ**
- **21 થી 28 નવેમ્બર : વર્લ્ડ ઈન્વેસ્ટર વીક**

Banking Academy